સુવિચાર

દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં મોટું જોખમ હોય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રાજકોટના પૂર્વ પીઆઇનું મહિલા વોર્ડન પર દુષ્કર્મ P-4

Year-16, Issue-95 ■ DATE : 28-07-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોકસભા ફરી સ્થગિતઃ વિપક્ષના હોબાળા વચ્ચે ઓપરેશન સિંદૂર પર ચર્ચા અટકી



## વિપક્ષ ચર્ચાથી દુર ભાગી રહ્યો છે, આ વિશ્વાસઘાત છેઃ કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બિહાર વોટર વેરિફિકેશન મુદ્દા પર વિપક્ષે લોકસભામાં હોબાળો મચાવ્યો હતો. આ પછી, સ્પીકરે ગૃહની કાર્યવાહી સ્થગિત કરી હતી.

સોમવારે લોકસભામાં વિપક્ષના હોબાળા વચ્ચે ઓપરેશન સિંદૂર પર ચર્ચા શરૂ થઈ શકી નહીં, વિપક્ષના હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. મુદ્દા પર વિપક્ષના હોબાળાને કારણે આજે ગૃહ ૩ વાર સ્થગિત કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ કહ્યું- સંસદ આ રીતે ચાલશે નહીં. તેમાં સૌની સર્વસંમતિ હોય છે. જ્યારે બધાએ નક્કી કર્યું કે ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવામાં આવશે. ચર્ચાના ૧૦ મિનિટ પહેલા અચાનક શરતો મુકવી યોગ્ય નથી. તમે પહેલા આ માંગ કરી રહ્યા હતા, હવે તમે ચર્ચાથી ભાગી રહ્યા છો. આ વિશ્વાસઘાત છે. કોંગ્રેસ પાર્ટી અને વિપક્ષે તેમના વચનથી પલટી મારી છે.

સંસદમાં વક્તાઓની યાદીમાં પોતાનું નામ ન હોવા અંગે કોંગ્રેસના સાંસદ શશી થરૂરે પ્રતિક્રિયા આપી છે. મીડિયા દ્વારા પૂછવામાં આવતા તેમણે કહ્યું કે આ એક મૌન વ્રત...મૌન વ્રત.... ખરેખરમાં, છેલ્લા કેટલાક દિવસોમાં, સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા માટે એક કરાર થયો હતો. ત્યારબાદ, એવી અટકળો ચાલી રહી હતી કે કોંગ્રેસ વતી બોલતા નેતાઓમાં શશી થરૂરનું નામ સામેલ કરવામાં આવશે, પરંતુ કોંગ્રેસે આજે ગૃહમાં બોલનાર ૬ નેતાઓની યાદી જાહેર કરી છે, જેમાં તેમનું નામ સામેલ નથી.

સંસદના ચોમાસુ સત્રના છઠ્ઠા દિવસે, સોમવારે લોકસભામાં પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદૂર પર ૧૬ કલાક લાંબી સતત ચર્ચા થશે. મોદી સંસદ પહોંચ્યા હતા. રક્ષા મંત્રી રાજનાથ સિંહ ચર્ચાની શરૂઆત કરશે. ગૃહ મંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી જયશંકર પણ વિપક્ષના પ્રશ્નોના જવાબ આપશે. પીએમ મોદી પણ ચર્ચામાં સામેલ થઈ શકે છે.

વિપક્ષ વતી, અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સપા વડા અખિલેશ યાદવ અને અન્ય સાંસદો સરકારને સવાલ પૂછશે. ચોમાસા સત્રના પહેલા દિવસથી જ વિપક્ષના સાંસદો પહેલગામ હુમલો, ઓપરેશન સિંદૂર અને ટ્રમ્પના યુદ્ધવિરામના દાવા પર સરકાર પાસેથી જવાબો માંગી રહ્યા છે.

સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુએ ૨૫ જુલાઈના રોજ કહ્યું હતું કે ચોમાસુ સત્રનો પહેલો અઠવાડિયું હોબાળાથી ભરેલું રહ્યું હતું. અત્યાર સુધી, બધા પક્ષોએ નિર્ણય લીધો છે કે સોમવારે લોકસભામાં ઓપરેશન સિંદૂર પર એક ખાસ સત્ર યોજાશે. બીજા દિવસે, મંગળવારે, રાજ્યસભામાં પણ આ મુદ્દા પર ૧૬ કલાકની ચર્ચા થશે.

## શ્રીનગરમાં સેનાનું 'ઓપરેશન મહાદેવ': ૩ આતંકીઓ ઠાર

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરના શ્રીનગરના લિડવાસમાં સેનાનું ઓપરેશન મહાદેવ ચાલી રહ્યું છે. એન્કાઉન્ટરમાં પહેલગામ હુમલાના ૩ આતંકવાદીઓ માર્યા ગયાના સમાચાર છે. ભારતીય સેનાના ચિનાર કોર્પ્સે જણાવ્યું હતું કે સોમવારે, ઓપરેશન મહાદેવ હેઠળ, લિડવાસ વિસ્તારમાં આતંકવાદીઓ સાથે સંપર્ક થયો હતો. સેનાના અધિકારીઓએ જણાવ્યું હતું કે શ્રીનગરના હરવાન વિસ્તારમાં દાચીગામ નેશનલ પાર્ક નજીક આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. ગુપ્તચર માહિતી બાદ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન દૂરથી બે વાર ગોળીબારનો અવાજ સંભળાયો હતો. વિસ્તારમાં સુરક્ષા દળોની તૈનાતી વધારી દેવામાં આવી છે.



# સૌરાષ્ટ્ર-કચ્છમાં હળવા ઝાપટાઃ મધ્ય અને ઉત્તર ગુજરાતમાં સટાસટી બોલાવતા મેઘરાજા

### સાડા દસ ઈંચ સુધીના ભારે વરસાદથી ઠેકઠેકાણે જળબંબાકારની સ્થિતિ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં હળવા ઝાપટા-ઝરમર વરસાદ વચ્ચે રાજયના મધ્ય તથા ઉતર ગુજરાતમાં મેઘરાજાએ સટાસટી બોલાવી દીધી હતી અને સાડા દસ ઈંચ સુધીના ભારે વરસાદથી ઠેકઠેકાણે જળબંબાકારની સ્થિતિ હતી. જનજીવન પ્રભાવીત થયુ હતું ખેડા જીલ્લામાં શાળા-કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી.



સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના રીપોર્ટ પ્રમાણે સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગરનાં દસાડા-લખતર તથા લીમડીમાં સવાથી દોઢ ઈંચ વરસાદ સિવાય અન્યત્ર માત્ર ઝરમર ઝાપટા હતા અને કયાંક નોંધપાત્ર વરસાદ ન હતો, પરંતુ ગુજરાતનાં ત્રણેય ઝોનમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો ખાસ કરીને મધ્ય ગુજરાતમાં તોફાની સ્વરૂપ હતું. રાજયમાં છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન ૧૯૮ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. તેમાં સૌથી વધુ સાડા દસ ઈંચ (૨૬૫ મીમી) વરસાદ ખેડા જીલ્લાના નડીયાદમાં વરસ્યો હતો. મુશળધાર વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી.

શહેરના ચારેય ગરનાળા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને ત્યાંથી વાહન વ્યવહાર થંભાવી દેવામાં આવ્યો હતો. માર્ગો પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા અને સંખ્યાબંધ વાહનો ફસાઈ ગયા હતા હજુ ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને ખેડા જીલ્લા કલેકટર દ્વારા આજે તમામ શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી.

તમામ આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક, તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આજે શૈક્ષણીક કાર્ય બંધ રાખવામાં આવ્યું હતું.રેસ્કયુ ટીમો તૈનાત કરવા સાથે ઈમરજન્સી કધટ્રોલરૂમ શરૂ કરાયો હતો.નાગરીકોને કામ સિવાય ઘરની બહાર ન નીકળવા ચેતવણી આપવામાં આવી હતી.

નડીયાદ સિવાય મહેમદાબાદમાં સાડા નવ ઈંચ વરસાદ ખાબકયો હતો માતરમાં ૮ વસોમાં ૬, મહુધામાં સાત, કઠલાલમાં સાડા પાચ તથા ખેડામાં પાંચ ઈંચ વરસાદ થયો હતો. અમદાવાદ જીલ્લામાં પણ મુશળધાર મેઘસવારી હતી.

દસકોઈમાં સાડા દસ ઈંચ વરસાદ ખાબકયો હતો. બાવળામાં સાડા ચાર ઈંચ, સાણંદમાં પાંચ ઈંચ તથા ધોળકામાં ચાર ઈંચ પાણી વરસ્યુ હતું. અમદાવાદ શહેરમાં સરેરાશ અઢી ઈંચ વરસાદ નોંધાયો હતો.

આ સિવાય આણંદ, વડોદરા, પંચમહાલ, જીલ્લામાં સાડા ત્રણ ઈંચ સુધીનો સાર્વત્રીક વરસાદ હતો. ઉતર ગુજરાતમાં પાટણમાં સાડા ત્રણ ઈંચ તથા સરસ્વતીમાં અઢી ઈંચ બનાસકાંઠાનાં ભાભરમાં સવા ત્રણ તથા કાંકરેજમાં ત્રણ ઈંચ, અરવલ્લીનાં ભિલોડામાં સાડા ત્રણ ઈંચ વરસાદ હતો.

દક્ષિણ ગુજરાતનાં ડાંગ જીલ્લાના આહવા, સુબીર તથા વધઈમાં ૩ થી ૪ ઈંચ વરસાદ હતો.વલસાડ, નવસારી, સુરત, તાપી, નર્મદા, જીલ્લામાં બે ઈંચ પાણી વરસ્યુ હતું. ગુજરાતમાં અત્યાર સુધીમાં સિઝનનો ૬૧.૩૨ ટકા પાણી વરસી ગયુ હતું.

સૌથી વધુ ૬૫ ટકા વરસાદ ઉતર ગુજરાતમાં વરસ્યો છે. કચ્છમાં ૬૪.૧૬ ટકા દ.ગુજરાતમાં ૬૩.૮૮ ટકા, મધ્ય ગુજરાતમાં ૬૨.૪૯ ટકા તથા સૌરાષ્ટ્રમાં ૫૪.૯૦ ટકા વરસાદ થયો છે.

## શ્રાવણ માસના પ્રથમ સોમવારે શિવાલયો હર હર મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવાન શિવજીના પ્રિય, પવિત્ર શ્રાવણ માસના આજે પ્રથમ સોમવારે શિવાલયોમાં ભકતોની ભારે ભીડ જોવા મળી રહી છે. સૌરાષ્ટ્રના સોમનાથ મહાદેવ, નાગેશ્વર મહાદેવ, ઘેલા સોમનાથ, જડેશ્વર મહાદેવ, ઝરીયા મહાદેવ, ગોપનાથ મહાદેવ (ભાવનગર) ખાતે શિવભકતોની વિશાળ સંખ્યા જોવા મળી રહી છે. રાજકોટના રામનાથ મહાદેવ, પંચનાથ મહાદેવ, જાગનાથ મહાદેવ, મહાકાલેશ્વર મહાદેવ, ધારેશ્વર મહાદેવ સહિતના જાણીતા શિવાલયોમાં આજે શ્રાવણના પ્રથમ સોમવારે શિવભક્તિ અર્થે ભાવિકો ઉમટી પડયા છે. આજે સોમવાર હોવાથી ચાર પ્રહરની આરતી થશે. શ્રાવણ મહિનામાં ચાર સોમવાર દરમ્યાન શિવમુષ્ટિ પુજા કરવામાં આવે છે. આજે તા. ૨૮ના સોમવારે શિવજી ઉપર એક મુઠ્ઠી ચોખા ચઢાવવાથી મનોકામના પૂર્ણ થાય છે. તા. ૪થી ઓગષ્ટના સોમવારે શિવજી પર એક મુઠ્ઠી કાળા તલ ચડાવવા, તા. ૧૧ ઓગષ્ટના સોમવારે શિવજી પર એક મુઠ્ઠી મગ ચડાવવા તથા અંતિમ સોમવાર તા. ૧૮ ઓગષ્ટના સોમવારે શિવજી પર એક મુઠ્ઠી જવ ચડાવવા.

# રાજયની શાળાઓમાં ખાલી જગ્યાઓ પર નિવૃત શિક્ષકોની ભરતીનો નિર્ણય રદ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત સરકારે વિદ્યાસહાયકોની ભરતીને લઈને તાત્કાલિક ધોરણે પોતાના મનસ્વી નિર્ણયને બદલવાની ફરજ પડી છે. સરકારે નિવૃત્ત શિક્ષકોની ભરતીનો નિર્ણય હવે રદ કર્યો છે. આ અંગે શિક્ષણ વિભાગે પરિપત્ર જાહેર કરીને માહિતી આપી છે.

હકીકતમાં, શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાસહાયકોની ખાલી જગ્યા પર નિવૃત્ત શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં નવા શિક્ષકોની બદલે ધોરણ ૧થી ૧૨માં ખાલી જગ્યાઓમાં નિવૃત્ત શિક્ષકોની ૧૧ માસના કરાર હેઠળ ભરતી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.



જૂના નિયમમાં દાવો કરવામાં આવ્યો હતો કે, રાજ્યના શિક્ષણ વિભાગે શૈક્ષણિક કાર્ય ખોરવાય નહીં તે માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે નિવૃત્ત શિક્ષકોને માનદવેતનથી ભરતી કરવાનો નિર્ણય કર્યો હતો. આ માટે પરિપત્રમાં નિયમો પણ બનાવવામાં આવ્યા હતા.

જોકે, આ નિર્ણયનો વિરોધ થયા બાદ સરકારને આ તઘલઘી નિયમ પાછો લેવો પડ્યો છે. એકબાજું જ્યાં હજારો-લાખોની સંખ્યામાં ઉમેદવારોનું શિક્ષક બનવાનું સપનું ભરતી ન પડતી હોવાના કારણે રોળાય છે. ત્યાં બીજી બાજું ખાલી જગ્યા પર નિવૃત્ત શિક્ષકોની ભરતી કરવાના આ મનસ્વી નિર્ણયનો ઉમેદવારો દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. આ વિરોધ અને ટીકાઓના વંટોળના કારણે સરકાર ભોંઠી પડી અને બે દિવસમાં જ આ નિર્ણય પરત ખેંચવામાં આવ્યો છે.

# સરકારી અને ખાનગી કંપનીઓએ હવે દર વર્ષે સાયબર સુરક્ષા ઓડિટ કરાવું પડશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય કમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમ (સીઈઆરટી-ઇન્ડિયા) એ પહેલી વાર તમામ જાહેર અને ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ માટે વર્ષમાં ઓછામાં ઓછા એક વખત થર્ડ-પાર્ટી સાયબર સુરક્ષા ઓડિટ કરાવવાનું ફરજિયાત બનાવ્યું છે. આ નિયમ એવી સંસ્થાઓ માટે લાગુ કરવામાં આવ્યો છે જેમની પાસે ડિજિટલ સિસ્ટમ્સ, પ્રક્રિયાઓ અથવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર છે અથવા તેનું સંચાલન કરે છે. ખાનગી ક્ષેત્રમાં આ પ્રકારનો નિર્દેશ પહેલી વાર જારી કરવામાં આવ્યો છે.

તમામ જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ માટે જારી કરાયેલ માર્ગદર્શિકામાં, સીઈઆરટી-ઇન્ડિયાએ કહ્યું છે કે સાયબર સુરક્ષા ઓડિટમાં જોખમ આધારિત અને ડોમેન-વિશિષ્ટ અભિગમ અપનાવવો જોઈએ, જે ઓડિટ કરવામાં આવી રહેલી કંપનીના વ્યવસાયિક સંદર્ભ, જોખમના લેન્ડસ્કેપ અને કાર્યકારી પ્રાથમિકતાઓને અનુરૂપ હોય.

ડિજિટલ જોખમો અને મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓને લક્ષ્ય બનાવતા ઉલ્લંઘનોની વધતી સંખ્યા વચ્ચે, તમામ ક્ષેત્રોમાં સાયબર સ્વચ્છતાને મજબૂત બનાવવાના હેતુથી નવી માર્ગદર્શિકા જારી કરવામાં આવી હોવાનું અંગ્રેજી અખબાર નોંધે છે.

ઇલક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયની ડિજિટલ જોખમ વિશ્લેષણ, મૂલ્યાંકન અને નિવારણ એજન્સી, સીઈઆરટી-ઇન્ડિયાએ પણ સંવેદનશીલ ડેટા અને મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓને અસર કરી શકે તેવા કોઈપણ મોટા ફેરફારો જેમ કે સિસ્ટમ ઓવરહોલ, ટેકનોલોજી ફેરફારો અથવા રૂપરેખાંકન ગોઠવણો પહેલાં સાયબર સુરક્ષા ઓડિટ ફરજિયાત બનાવ્યા છે, જેથી અમલીકરણ પહેલાં સંભવિત જોખમોનું મૂલ્યાંકન કરી શકાય, પાલન સુનિતિ કરી શકાય અને સુરક્ષા જોખમો ઘટાડી શકાય.

આ માર્ગદર્શિકા મુજબ, આ સંસ્થાઓએ વ્યાપક જોખમ અને નબળાઈ મૂલ્યાંકન, ઘૂંસપેંઠ પરીક્ષણ, નેટવર્ક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓપરેશનલ ઓડિટ, માહિતી ટેકનોલોજી સુરક્ષા નીતિ સમીક્ષા, માહિતી સુરક્ષા પરીક્ષણ, સ્રોત કોડ સમીક્ષા અને પ્રક્રિયાઓ, સંદેશાવ્યવહાર, એપ્લિકેશનો અને મોબાઇલ એપ્લિકેશનોનું સુરક્ષા પરીક્ષણ પણ કરવું પડશે. વધુમાં, સંસ્થાઓએ ઓછામાં ઓછા વિશેષાધિકારનો સિદ્ધાંત પણ લાગુ કરવો જોઈએ. આમાં ખાતરી કરવાનો સમાવેશ થાય છે કે દરેક કર્મચારી પાસે તેમની ચોક્કસ ભૂમિકા અથવા કાર્ય કરવા માટે જરૂરી ઓછામાં ઓછી પરવાનગીઓ હોય. જે કંપનીઓ તેમના કર્મચારીઓને રિમોટ એક્સેસ આપે છે તેઓ ખાતરી કરે છે કે સંસ્થાના સાયબર-ઇન્ફ્રાસ્ટ્રક્ચરની બધી એક્સેસ ટનલ, એન્ક્રિપ્ટેડ અને લોગ કરેલી છે જેથી દુરુપયોગ અટકાવી શકાય.

આ નવી માર્ગદર્શિકા જણાવે છે કે સાયબર ઇન્ફ્રાસ્ટ્રક્ચરના રિમોટ એક્સેસ માટે મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. કંપનીઓ ઉપરાંત, સરકારની સાયબર સુરક્ષા એજન્સીએ સાયબર સુરક્ષા ઓડિટરો માટે વ્યાપક માર્ગદર્શિકાનો સમૂહ પણ જારી કર્યો છે જેઓ તેની સાથે પેનલ પર છે અને ઓડિટ કરી શકે છે.

સરકારના જણાવ્યા અનુસાર, સીઈઆરટી-ઇન્ડિયા એ વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૯,૭૦૮ સાયબર સુરક્ષા ઓડિટ કર્યા હતા.

# અમેરિકા યુરોપિયન યુનિયન પર તમામ ક્ષેત્રમાં ૧૫ ટકા ટેરિફ લાદશે

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુરોપિયન યુનિયન વચ્ચે એક મોટા અને ઐતિહાસિક વેપાર કરારની જાહેરાત કરવામાં આવી છે. ટ્રમ્પે આ કરારને અત્યાર સુધીનો સૌથી મોટો વેપાર કરાર ગણાવ્યો છે, જે બંને પક્ષો માટે ફાયદાકારક સાબિત થશે.

આ પ્રસંગે ટ્રમ્પે કહ્યું કે, આ કરાર હેઠળ તમામ દેશોના બજારો ખોલવામાં આવશે અને યુરોપિયન યુનિયન પર તમામ ક્ષેત્રોમાં ૧૫ ટકા ટેરિફ લાદવામાં આવશે.

આ સાથે, EU અમેરિકા પાસેથી સૈન્ય સંસાધનની ખરીદીમાં પણ વધારો કરશે. ઉર્જા ક્ષેત્રમાં પણ, યુરોપિયન યુનિયન અમેરિકા પાસેથી લગભગ ૧૫૦ બિલિયનની ઊર્જા ખરીદશે, જે બંને પક્ષોના આર્થિક સહયોગને મજબૂત બનાવશે.

આ ઉપરાંત, યુરોપિયન યુનિયન અમેરિકામાં ૬૦૦ બિલિયનનું રોકાણ કરશે, જે અમેરિકાના અર્થતંત્રને પણ મજબૂત બનાવશે. આ સોદા હેઠળ, સ્ટીલ અને એલ્યુમિનિયમ પર પહેલાથી લાગુ હાલની ડ્યુટી સિસ્ટમ ચાલુ રહેશે. ચિપ્સ અથવા સેમિકન્ડક્ટર ક્ષેત્ર અંગે આગામી બે અઠવાડિયામાં કલમ ૨૩૨ હેઠળ નવી જાહેરાત કરવામાં આવશે, જે આ ઉદ્યોગ માટે એક મોટી પહેલ હશે.



# અમેરિકાના વૈજ્ઞાનિકોનો દાવોઃ નવેમ્બરમાં એલિયન્સ પૃથ્વી પર હુમલો કરી શકે છે?

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એલિયન્સ હજુ પણ માનવજાત માટે એક રહસ્ય અને કોયડો છે. જોકે, તેમના અસ્તિત્વ વિશે ઘણા પ્રકારના સંશોધનો થયા છે, જેમાં આશ્ચર્યજનક બાબતો સામે આવી છે. તાજેતરમાં વૈજ્ઞાનિકોએ એલિયન્સ વિશે એક મોટો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, નવેમ્બરમાં એલિયન્સ પૃથ્વી સાથે અથડાવી શકે છે.

વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી હતી કે, મેનહટન જેવડો રહસ્યમય અવકાશી પદાર્થ ઝડપથી પૃથ્વીની નજીક આવી રહ્યો છે. વૈજ્ઞાનિકો કહે છે કે, ઑબ્જેક્ટ 3I/ATLAS, જે અગાઉ A11pl3Z તરીકે ઓળખાતું હતું, તે એક એલિયન ટેકનોલોજી હોઈ શકે છે. તે ઝડપથી પૃથ્વી તરફ આગળ વધી રહ્યું છે અને નવેમ્બર ૨૦૨૫માં અથડાવાની શક્યતા છે.

આ દાવો હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રખ્યાત વૈજ્ઞાનિક અવી લોએબ અને તેમની ટીમ દ્વારા તૈયાર કરાયેલા એક નવા અભ્યાસમાં કરવામાં આવ્યો છે. અવી લોએબ એ જ વૈજ્ઞાનિક છે જેમણે ૨૦૧૭માં જોવા મળેલા તારાઓ વચ્ચેના પદાર્થ ઓમુઆમુઆ ને એલિયન અવકાશયાન તરીકે વર્ણવ્યું હતું.



તેમણે કહ્યું હતું કે, તે નવેમ્બરના અંતમાં સૂર્યની સૌથી નજીક આવશે અને તે સમયે જમીનમાં છુપાઈ જશે. આ માટે આ તે સમય હોઈ શકે છે જ્યારે તે ગુપ્ત રીતે જમીન પર હુમલો કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે 3I/ATLAS, જેને એલિયન સ્પેસક્રાફ્ટ પણ કહેવામાં આવે છે, તે સૌપ્રથમ ચિલીના રિયો હર્ટાડોમાં અઝકઅજ ટેલિસ્કોપમાંથી જોવા મળ્યું હતું. તે લગભગ ૧૦થી ૨૦ કિલોમીટર પહોળું છે અને તેની ગતિ ૬૦ કિલોમીટર પ્રતિ કલાક છે.

જોકે, વૈજ્ઞાનિકોએ એમ પણ કહ્યું કે આ માત્ર એક પૂર્વધારણા છે, અમે આ સિદ્ધાંતમાં માનતા નથી પરંતુ તે એટલું મહત્વપૂર્ણ છે કે તેની ચર્ચા કરવી જરૂરી છે, કારણ કે જો આ સિદ્ધાંત સાચો સાબિત થાય છે તો તે પૃથ્વી માટે એક મોટો ખતરો બની શકે છે.

# સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે કારગીલ વિજય દિવસ ઉજવાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, સૈનિક સ્કૂલ બાલાચડીએ દેશભક્તિ સાથે કારગીલ વિજય દિવસ ઉજવ્યો.સૈનિક સ્કૂલ બાલાચડીએ.'કારગીલ વિજય દિવસ' ઉજવ્યો, જે ૧૯૯૯ માં ભારતીય પ્રદેશમાંથી ઘૂસણખોર પાકિસ્તાની સૈનિકોને હાંકી કાઢવામાં આવેલા ઓપરેશન વિજયમાં ભારતની ઐતિહાસિક જીતની ૨૬મી વર્ષગાંઠની યાદમાં ઉજવવામાં આવ્યો હતો.આ પ્રસંગે, શાળાના આચાર્ય કર્નલ શ્રેયશ મહેતાએ સર્વોચ્ચ બલિદાન આપનારા બહાદુર સૈનિકો પ્રત્યે શ્રદ્ધાંજલિ વ્યક્ત કરવા માટે શાળા યુદ્ધ સ્મારક 'શૌર્ય સ્તંભ' પર પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપી હતી.કાર્યક્રમની શરૂઆત શાળાના ઓડિટોરિયમમાં કારગીલ યુદ્ધના સંક્ષિપ્ત ઐતિહાસિક ઝાંખી સાથે થઈ, ત્યારબાદ કેડેટ શિવમ દ્વારા પ્રેરક ભાષણ અને કેડેટ પંકજ દ્વારા એક ભાવનાત્મક દેશભક્તિ ગીત રજૂ કરવામાં આવ્યું જેણે ઉપસ્થિતોમાં ગર્વ અને દેશભક્તિની ભાવના જગાવી.શહીદ કેપ્ટન મનોજ કુમાર પાંડે, પીવીસી, ની બહાદુરી અને બલિદાનનું ચિત્રણ કરતી એક મર્મસ્પર્શી અંગ્રેજી નાટક રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં રાષ્ટ્ર પ્રત્યેના બહાદુરી અને પ્રેમનો સાર દર્શાવવામાં આવ્યો હતો. પ્રેક્ષકોને ઓપરેશન વિજયની વાર્તા અને વિજયનું વર્ણન કરતી માહિતીપ્રદ વિડિઓઝ પણ બતાવવામાં આવી હતી, જેમાં સશસ્ત્ર દળોની હિંમતને દ્રશ્ય શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.સૈનિક સ્કૂલ બાલાચડીના આચાર્ય કર્નલ શ્રેયશ મહેતાએ તેમના મુખ્ય ભાષણમાં કારગિલ વિજય દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને કારગિલ યુદ્ધ દરમિયાનના તેમના અંગત અનુભવોનું વર્ણન કરતી એક શક્તિશાળી પ્રસ્તુતિ આપી હતી, જ્યારે તેઓ ૪ જાટ રેજીમેન્ટ હેડ ક્વર્ટરમાં 121 (I) આઈ એન એફ બીડીઈ સાથે કાકસર સેક્ટરમાં તૈનાત હતા. તેમણે બહાદુરી, બલિદાન અને યુદ્ધભૂમિની સ્થિતિસ્થાપકતાની મનોહર વાર્તાઓ શેર કરી હતી, જે પ્રેક્ષકો પર કાયમી છાપ છોડી ગઈ હતી. કેડેટ્સને દ્રઢતા અને નિશ્ચયને અપનાવવા અપીલ કરી હતી કે, ''થાકવાનું બંધ કરો'' કારણ કે યોદ્ધાઓ ક્યારેય થાકતા નથી.રાષ્ટ્રગાન ના ઉત્સાહી ગાન સાથે કાર્યક્રમનું સમાપન થયું, જેનાથી સભા સેવા અને દેશભક્તિની ભાવનાથી ખૂબ જ પ્રભાવિત અને પ્રેરિત થઈ ગઈ.

# જામનગર જિલ્લા હોમગાર્ડસની રેન્ક સેરેમની યોજાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા હોમગાર્ડસના ૩ અધિકારીઓ અને ૧૯ એનસીઓની રેન્ક સેરેમની પીપીંગ સેરેમની આજ કારગીલ વિજય દિવસના રોજ રોટરી હોલ, જામનગર મહાનગરપાલિકામાં યોજવામાં આવી હતી.૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી જામનગરના કમાન્ડિંગ ઓફિસર, લેફ્ટનન્ટ કમાન્ડર સ્નેહા રાયની અધ્યક્ષતામાં જામનગર જિલ્લા હોમગાર્ડ ગિરીશ સરવૈયાની ઉપસ્થિતિમાં યોજાયેલ આ રેન્ક સેરેમનીમાં જિલ્લાના તમામ હોમગાર્ડ યુનિટના ઓફિસર કમાન્ડિંગ તથા શહેરના તમામ હોમગાર્ડસ અધિકારીઓ અને જવાનો જોડાયા હતા.આ કાર્યક્રમમાં ઋષિરાજ જેઠવાને સ્ટાફ ઓફિસર લીગલ, સીટી બી યુનીટના કૈલાસ બી. જેઠવા અને સીટી એ યુનિટના હિતેશ એન. જેઠવાને કંપની કમાન્ડર્સની રેન્ક તથા ૧૯ એનસીઓને રેન્કસ પ્રદાન કરવામાં આવી હતી.કમાન્ડિંગ ઓફિસર, લેફ્ટનન્ટ કમાન્ડર સ્નેહા રાયે આ પ્રસંગે તમામ રેન્કસ પ્રાપ્ત કરનાર અધિકારીઓ તથા જવાનોને સંબોધીને તેમને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે ,તમારો જુસ્સો અને શિસ્તના ગુણો જ તમારા યુનિફોર્મની ગરીમાને શોભાવે છે અને અન્ય લોકોને પણ તે રાષ્ટ્ર સેવા માટે ઉદાહરણરૂપ બને છે. તમે દેશની આંતરિક સુરક્ષા અને સદભાવનાને જાળવો છો અને સંરક્ષણ સેનાનીઓ દેશની સરહદોને સુરક્ષિત રાખે છે.જિલ્લા હોમગાર્ડસ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયાએ જણાવ્યું હતું કે, ''જેમ તમારા ખભા પર વજન વધે છે તેમ જવાબદારીઓ વધે છે ; રાષ્ટ્રસેવાને ખૂબ નિષ્ઠાપૂર્ણ અને હૃદયપૂર્વક નિભાવવા આપણે પ્રતિબદ્ધ બનવાનું છે.જામનગર જિલ્લા કલેકટર કચેરીના સબ રજીસ્ટ્રાર,નિવૃત નૌસેના કર્મી. યુવરાજસિંહ રાણાએ જણાવ્યું હતું કે ''શિસ્ત, સ્વચ્છતા અને ઉત્તમ નાગરિકના કર્તવ્યને નિષ્ઠા પૂર્ણ રીતે તમારે જીવનમાં વણી સમાજના પથદર્શક બનવાનું છે.આ કાર્યક્રમનું સ્વાગત ઉદબોધન વિજયસિંહ વાળા દ્વારા તથા સફળ સંચાલન સ્ટાફ ઓફિસર લીગલ ઋષિરાજ જેઠવા અને સ્ટાફ ઓફિસર સ્પોર્ટ્સ દિલીપ ડાંગર દ્વારા કરવામાં આવ્યું હતું.સ્ટાફ ઓફિસર વુમન પ્રેક્ષા ભટ્ટે આમંત્રિતોની આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસીના એસોસિએટ એનસીસી ઓફિસર, સેકંડ ઓફિસર તોરલ ઝવેરી અને ધનંજય ઠાકુર પીઓ ,ગનરી વેપન.ની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના સહયોગથી નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું યોજાયો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

આજરોજ ઉના શહેરમાં આવેલ યોગા કેન્દ્રમાં ઉના શહેર તાલુકા તથા ગીરગઢડા તાલુકાના લોકોની આરોગ્યની સુખાકારી માટે ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા મફત સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કર્યું હતું. મફત સર્વ રોગ નિદાન કેમ્પના સહયોગી તેમજ આયોજક ઉનાના માનનીય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ (કે.સી.રાઠોડ)ના માર્ગદર્શન હેઠળ SOS HOSPITAL- મહુવા હેલ્થકેર ફાઉન્ડેશન દ્વારા મફત સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.



SOS HOSPITAL- મહુવા નાં ઉપક્રમે યોજાયેલા કૅમ્પમાં ૧૦ નિષ્ણાત ડૉક્ટરઓ એ સૅવા આપી ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા આયૉજીત વિનામૂલ્યે સર્વ રૉગ નિદાન કેમ્પ માં ૩૦૦ થી વધુ દર્દીઓ એ લાભ લીધો.ત્યારબાદ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા યોગા કેન્દ્રમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ધારાસભ્યના પુત્ર વિજયભાઈ રાઠોડ, રવિભાઈ રાઠોડ, નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોન્ધરા, જીલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેન લખમણભાઈ બાંભણીયા, ઉના તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ,ઉના તાલુકા પંચાયતના પ્રમુખશ્રી એભાભાઈ મકવાણા, ઉના તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખોલીયા, ગીરગઢડા તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ પ્રવીણભાઈ સાંખટ, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, નગરપાલિકાના સદસ્યઓ તેમજ વિવિધ મોરચાના સંગઠનના હોદેદારો અને દર્દીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર ખોટા ડોક્યુમેન્ટ બનાવી રૂા.૧૭ લાખની છેતરપીંડીના ગુન્હાનો ફરાર આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સીટી એ પોલીસ મથકમાં નોંધાયેલા છેતરપિંડી પ્રકરણમાં છેલ્લા દશ માસથી નાસતા ફરતા આરોપીને પોલીસે દબોચી લીધો હતો.ખેતીની જમીન માલિકની જાણ બહાર ખોટા દસ્તાવેજો બનાવી રૂા.૧૭.૧૧ લાખની છેતરપિંડી આચર્યાની ફરીયાદ નોંધાઇ હતી જેમાં પકડાયેલો આરોપી નાસતો ફરતો રહયો હોવાનુ પોલીસે જણાવ્યુ હતુ.જામનગરના સીટી એ ડીવીઝન પોલીસ મથકમાં ગત વર્ષ ૨૦૨૪માં ખોટા ડોકયુમેન્ટસ બનાવી રૂા. ૧૭.૧૧ લાખની છેતરપિંડી આચરવા સંબંધિત ગુનો નોંધાયો હો. જે ગુનામાં પોલીસ તપાસ દરમિયાન આરોપી રમેશ કરમુરની સંડોવણી ખુલવા પામી હતી.મોટી વાવડી ગામના સર્વે નંબર ૬૮ વાળી ૨૧ વિઘા ખેતીની જમીન મુળ માલિકની જાણ વગર સાહેદોના આધાર કાર્ડ, પાન કાર્ડ વગર ખોટા દસ્તાવેજો કરી રૂા. ૧૭.૧૧ લાખની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ગુનો નોંધાયો હતો.જેમાં આરોપી રમેશ ચનાભાઇ કરમુર (રે. પ્રમુખ



પાર્ક, શીવમ પાર્ટી પ્લોટની બાજુમાં જામનગર) છેલ્લા દશ માસથી નાસતો ફરતો રહયો હોવાનુ ખુલ્યુ હતુ. જે દરમિયાન સીટી એના પીઆઈ એન.એ. ચાવડાના નેતૃત્વમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસ ટીમને ખાનગી બાતમીદારો મારફતે ઉકત આરોપી જામનગરમાં આવ્યો હોવાની માહિતી મળી હતી. જેના આધારે પોલીસે આરોપી રમેશ કરમુરને પકડી પાડયો હતો.જેની જીણવટભરી પુછપરછ સાથે છેતરપિંડી પ્રકરણમાં આગળની તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે. સિટી એ ડિવિઝન પોલીસે દસેક માસથી નાસતા ફરતા આરોપીની ઘનિષ્ઠ પૂછપરછ સાથે છેતરપિંડી પ્રકરણની તપાસનો ધમધમાટ આગળ ધપાવ્યો છે.

# જામનગરમાં ૧૫ મહિલા સહિત ૧૭ જુગારીની અટક

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં શ્રાવણ મહિનાના પ્રારંભથી જ જુગારનો પટ્ટ ગરમ જોવા મળી રહયો છે, ખાસ કરીને પુરૂષ કરતા મહિલાઓ પાના ટીંચતી હોવાનું સામે આવ્યુ છે મંગલધામ સોસાયટી, ખડખડનગર અને સંજરી ચોક વિસ્તારમાં પોલીસે જુગાર અંગે દરોડા પાડયા હતા જેમાં ૧૫ મહિલા સહિત ૧૭ની અટકાયત કરવામાં આવી છે, રોકડ અને જુગારનું સાહિત્ય જપ્ત કરાયું છે.જામનગરના મા મારું કંસારા હોલ પાસે આવેલ મંગલધામ સોસાયટી છેલ્લી શેરીમાં જાહેરમાં તિનપતીનો જુગાર રમતા મંગલધામ સોસાયટીના રચનાબેન શાહીલ સેવક, ખોડીયાર પાર્કના કિરણબેન મનિષ રામોલીયા, મયુરબાગ પંચવટી પાસે રહેતા વિજયાબેન રમેશ ધાડીયા, મયુરીબેન દિપક પટેલ અને જસોદા સોસાયટીમાં રહેતા ભારતીબેન શૈલેષ પટેલની સીટી-એ પોલીસ દ્વારા દરોડા દરમ્યાન અટકાયત કરી રોકડા ૧૫૨૦૦ અને ગંજીફો જપ્ત કર્યો હતો. બીજા દરોડામાં નવાગામ ઘેડ ખડખડનગરમાં આવેલ જાસોલીયા સોસાયટીમાં જાહેરમાં તિનપતીનો જુગાર રમતા નવાગામ ઘેડના ભાવનાબેન કિરીટ માલમ, જાસોલીયા સોસાયટીના ફૈઝાના આમીર સાટી, આઠમાળીયા આવાસના રોશનબેન સુલતાન ખફી, ત્રણ માળીયા આવાસના મેઝબીન બશીર સમા, મુરલીધર સોસાયટીના સવિતાબેન માલદેવ નંદાણીયા, રાજપાર્કના પ્રક્ષાબેન મનહર બદલાણીની અટકાયત કરી રોકડા ૧૦૧૦૦ અને ગંજીપતા જપ્ત કર્યા હતા.આ ઉપરાંત જામનગર તાળીયા હનુમાન મંદિર નજીક, સંઝરી ચોક પાસે જાહેરમાં ગંજીપતા વડે જુગાર રમતા હાપા ક્રિષ્નાપાર્કના જનકબા ભીખુભા જાડેજા, ગુલાબનગરના શબનમ નજીર સૈયદ, કુંદનબા ભરતસિંહ જાડેજા, રસીદાબેન હાન જીવરાણી, દિવ્યરાજસિંહ ભરતસિંહ જાડેજા અને અખાડા ચોકમાં રહેતા અસલમ રફીક સૈયદની અટકાયત કરી રોકડા ૪૬૭૬૦ અને સાહિત્ય કબ્જે લેવાયુ હતું.

# કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે વિશિષ્ટ શણગાર દર્શન





જામનગરમાં કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે વિશિષ્ટ શ્રૃંગાર દર્શનનુ આયોજન કરાયુ હતુ.જેના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા. દેવા ધિ દેવની આરાધના માટે અનન્ય ગણાતા પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે આજે મોટી સંખ્યામાં શિવ મંદિરોમાં ભાવિકો ઉમટી પડીયા

## ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના અથાગ પ્રયત્નોથી

# ગીરગઢડાના પડાપાદર ગામે રાવલ નદી પર પુલ બનાવવા સરકારે મંજુર આપી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના-ગીરગઢડા તાલુકામાં વિકાસનો રીતસર ધોધ વહાવી ને વર્ષો જુની સમસ્યાઓને ભુતકાળ બનાવી છે.એવા ઉનાના વિકાસશીલ ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ નો આભાર વ્યક્ત કરતા પડાપાદર ગામનાં ગ્રામજનો ગદગદીત થયા હતા. ગીરગઢડા તાલુકાનું પડાપાદર ગામ રાવલ નદીના કારણે બે ભાગમાં વહેચાયેલું હતું. ઉગમણા પડા અને આથમણા પડા રાવલ નદીમાં વચ્ચે



પુલ ના હોવાને કારણે આ બંને પડા ગામના ગ્રામજનો ત્રણ દાયકા (ત્રીસ વર્ષ) થી મુશ્કેલી ભોગવતા હતા. જે બાબતે ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબને અસરકારક સંવેદના સભર રજુઆત કરી હતી. જેના પરીણામ સ્વરૂપ ગુજરાત સરકારએ પડાપાદર ગામે રાવલ નદી પર પુલ બનાવવા માટે રૂ. ૨.૮૨ કરોડ રૂપિયા જેવી માતબર ગ્રાંટ મંજુર કરી હતી. આ ખુશ ખબરને હરખભેર વધાવવા પડાપાદર ગામના ગ્રામજનોએ આજરોજ ઉના ધારાસભ્યના કાર્યાલયે ઉનાના લોકલાડીલા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડનું ગૌરવભેર સન્માન કરી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# મધ્યપ્રદેશમાં લૂંટ કરી ફરાર થયેલ આરોપી વાંકાનેરથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મધ્યપ્રદેશમાં લૂંટ કરી ફરાર થયેલ આરોપીને વાંકાનેરથી ઝડપી લેવાયો હતો. મધ્યપ્રદેશના જાબુઆ જિલ્લાના રાણાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં લુંટના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને મોરબી એલ.સી.બી/ પેરોલ ફર્લો સ્કવોડની ટીમ દ્વારા ટુવા ગામ પાસે આવેલ સનહાર્ટ સીરામીકના કારખાનામાંથી પકડી પાડવામાં આવ્યો છે.મળતી માહિતી અનુસાર, મોરબી એલ.સી.બી/ પેરોલ ફર્લો સ્કવોડની ટીમને બાતમી મળી હતી કે, મધ્યપ્રદેશ રાજયના જાબુઆ જિલ્લાના રાણાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં લુંટ ચલાવી નાસતો ફરતો આરોપી શાહીદ નાનકાભાઈ બંડોડ (રહે.છાપરખાંડા તા.રાણપુર જી.જાબુઆ (એમ.પી)) હાલ ટુવા ગામ પાસે આવેલ સનહાર્ટ સીરામીકના કારખાનામાં કામ કરતો હોવાની ચોક્કસ હકીકત મળતા



પોલીસે સ્થળ પર તપાસ કરતા નાસતો ફરતો આરોપી શાહીદ નાનકાભાઈ બડોડ સનહાર્ટ સીરામીકના કારખાના ખાતેથી મળી આવતા આરોપીને પકડી પાડી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન પોલીસ સ્ટેશનમાં નોંધ કરાવી આગળની ઘટીત કાર્યવાહી અર્થે જાબુઆ જિલ્લાના રાણાપુર પોલીસ સ્ટેશનને સોંપી આપવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ઉપલેટામાં ભિક્ષુકના ઘરમાંથી થઈ રોકડા રૂ.૧ લાખની ચોરી!

## ભિક્ષાવૃત્તિ કરીને એકઠા કરેલા સિક્કા સહિતની રકમની તસ્કરી

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટામાં ભિક્ષાવૃત્તિ કરીને ગુજરાન ચલાવતા એક વ્યક્તિના ઘરે તેણે ભિક્ષાવૃત્તિ કરીને એકઠા કરેલા પરચૂરણ અને ચલણી નોટો સહિતની રૂ.૧ લાખની માલમત્તાનો તસ્કરોઓએ સાફાયો કરી નાખતા ચકચાર મચી ગઈ હતી.

શહેરના નાગનાથ ચોક, નટવરોડ ખીજડશેરીના રસિક ભુવન મકાનમાં રહેતા નટવરલાલ ભાનુશંકર મહેતા પૂજાપાઠ અને ભિક્ષાવૃત્તિ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. અપરણીત અને એકલા રહેતા આ પુરુષના ઘરમાં વીજળી કનેક્શન ન હોવાથી અને ગત રાતે ગરમી હોવાથી શેરીમાં ખાટલો ઢાળીને એમાં સૂતા હતા, ત્યારે કોઈ અજાણ્યા શખસો તેમના ઘરમાં ઘૂસીને કબાટ અને સુટકેસમાં રાખેલા રૂપિયાની નોટો અને એક, બે, પાંચ અને દશના સિક્કા મળી આશરે રૂપિયા એક લાખનું નાણું ઉઠાવી ગયા હતા.

આ બનાવ વિશે નટવરલાલ મહેતાએ પોલીસને જાણ કરી હતી. પીઆઈ પટેલના માર્ગદર્શન નીચે પોલીસે આજુબાજુના સીસીટીવી કેમેરા ચેક કરી ઝીણવટભરી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# જેતપુર પોલીસ મથકે લોક દરબાર યોજાયો








**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં ગ્રામ્ય એસપીની અધ્યક્ષતામાં પોલીસ ઈન્સ્પેક્શન તેમજ લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જેતપુરના ઉદ્યોગપતિઓ, જેતપુરના નાગરિકો અને વિવિધ અધિકારીઓ અને શહેર અને તાલુકાના આગેવાનોની ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં પોલીસ તંત્રની કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી. જવાબદાર પોલીસ જવાનોને પ્રમાણપત્રો એનાયત કરાયા, અને સાથે સાથે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માર્ગદર્શન અને સૂચનો પણ આપવામાં આવ્યા હતા.

ઈન્સપેકશન દરમિયાન એસપીએ કુલ ૧૬ પ્રશ્નો સાંભળી અને તેનો સ્થળ પર જ નિરાકરણ આપ્યો હતો, જે સ્થાનિક સ્તરે ઝડપથી ન્યાય અપાવવાની દિશામાં એક નોંધપાત્ર પગલું છે. આ પ્રસંગે સાઈબર ક્રાઈમ વિશે વિશેષ જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આદિતીને ઓનલાઈન ઠગાઈથી કેવી રીતે બચવું અને કેવી રીતે ફરિયાદ આવી તે અંગે માહિ-તી આપવામાં આવી. તેમજ પોલીસ તંત્ર દ્વારા આવા ગુનાઓને ગંભીરતાથી લઈ તેના નિરાકરણ માટે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. હેલ્મેટના ઉપયોગ માટે પણ ખાસ સૂચનો આપ્યા ''પ્રતિદિન ની સફરમાં હેલ્મેટ માત્ર નિયમ નહીં, પણ જીવ બચાવવાનો ઉપાય છે'', એમ જણાવવામાં આવ્યું. અને પોલીસ અધિકારીઓને ટ્રાફિકની સમસ્યાનો નિરાકરણ લાવવા સૂચનો આપવામાં આવ્યા હતા. કાયદો અને શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસ જવાનોને પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેથી પોલીસ કામગીરીમાં વધુ પારદર્શિતા અને વિશ્વાસ સર્જાઈ શકે. આ લોક દરબારના કાર્યક્રમ દરમિયાન લોકો પોતાનાં પ્રશ્નો રજૂ કર્યા હતા અને પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ પણ કરવામાં આવ્યું હતું.

# ગોંડલના બીલીયાળામાં બે મકાનમાંથી રોકડ- દાગીનાની ચોરી

## તસ્કરો દંપતી જે રૂમમાં સુતા હતા તેને બહારથી બંધ કરી ૪.૫૭ લાખ ચોરી ગયા

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલનાં બીલીયાળા ગામે તસ્કરોએ બે રહેણાંક મકાનને નિશાન બનાવી તાળા તોડી રૂ.૪,૫૭,૦૦૦ ની રોકડ તથા દાગીના સહિત માલમતા ની ચોરી કરી જતા તાલુકા પોલીસમાં ફરિયાદ થઈ છે.

બીલીયાળા રહેતા કૌશિકભાઈ પ્રવિણભાઈ સાટોડીયાનાં મકાનમાં કૌશિકભાઈ તથા તેનો પરીવાર સુતો હતો હતો ત્યારે તસ્કરોએ એક રુમમાં કબાટનો લોક તોડી રોકડ રૂ.૨૦ હજાર તથા સોના ચાંદીનાં દાગીનાની ચોરી કરી હતી.તસ્કરોએ કૌશિકભાઈ



તથા તેના પત્ની અને તેમના માતા પિતા જે રૂમમાં સુતા હતા.તે રૂમને બહારથી બંધ કરી અન્ય રૂમમાં ચોરી કરી હતી.બીજા બનાવમાં કલ્પેશભાઈ રમેશભાઈ સાકરિયાનાં મકાનમાં તસ્કરો ખાબકી મકાનનાં તાળા તોડી રોકડ રૂ.૫૦ હજાર તથા સોનાનાં દાગીનાની ચોરી કરી હતી.પોલીસે બન્ને રહેણાંક મકાનમાં થયેલી કુલ રૂ.૪,૫૭,૦૦૦ની ચોરી ની ઘટના અંગે તપાસ હાથ ધરી છે.

# પોરબંદરમા સગીરાના ગેંગરેપ મામલે ઝડપાયેલા શખ્સનુ રી-કન્સ્ટ્રકશન કરાયું

## હજુ મુખ્ય આરોપી ફરાર હોવાથી શોધખોળ ચાલુ

**મુખ્ય સમાચાર, પોરબંદર**

પોરબંદરની સગીરા સાથે થયેલા ગેંગરેપ મામળે વધુ એક આરોપી ઝડપાયા બાદ પોલીસે તેને સાથે રાખી સમગ્ર બનાવનું રી કન્સ્ટ્રક્શન કર્યું હતું જો કે બનાવનો મુખ્ય આરોપી ફરાર હોવાથી તેની શોધખોળ ચાલુ છે.

પોરબંદરની સગીરા સાથે થયેલા ગેંગરેપ મામલે અગાઉ પોલીસે મહારસિંહ ચૌહાણ અને મેરુ સિપલ ને ઝડપી લઈ બનાવમાં વપરાયેલ કાર પણ કબ્જે બન્નેને જેલહવાલેકર્યા હતા



અને ત્રીજા આરોપી રાજુ લખમણ મુળીબાસીયાને ઝડપી લીધો હતો અને તેને આજે સાથે રાખી પોલીસે બનાવના સ્થળ પાર્ટી પ્લોટ,ચોપાટી અને સગીરાને જ્યાં લીંબુ પાણી પીવડાવવા લઈ ગયા હતા તે એસટી રોડ સહિતના સ્થળો એ સમગ્ર ઘટનાનું રી કન્સ્ટ્રકશન કરાયું હતું. આજે સોમવારે તેના રિમાન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જાણવા મળે છે. મુખ્ય આરોપી જયરાજ હજુ ફરાર હોવાથી પોલીસ દ્વારા તેની શોધખોળ ચાલી રહી છે રાજુ લખમણ સામે અગાઉ રાણાવાવ,પોરબંદરમાં મારામારીના ચારેક ગુન્હા નોંધાવા હોવાનું પોલીસે જણાવ્યું છે.

# આપઘાત કરે તે પહેલાં જ મોરબી ૧૮૧ની ટીમે સ્થળ પર પહોંચી મહિલાને બચાવી

## પ્રેમીના માનસિક ત્રાસથી કંટાળી મહિલાએ આપઘાત કરવાનું વિચાર્યું હતું




**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા.૨૫/૭ના રોજ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન માં જાગૃત નાગરિક દ્વારા કોલ કરવામાં આવેલ કે એક અજાણી મહિલા મોરબી એલ.ઈ.ગ્રાઉન્ડ પાસે ટ્રેનની નીચે આપઘાત કરવા જઈ રહ્યા છે મહિલા કોઈનું કાઈ પણ માનતા નથી અને આમતેમ દોડાદોડી કરે છે તેમજ મહિલા કાંઈ પણ બોલતા નથી અને ખુબ જ રડે છે તેમજ ખુબ જ ગભરાયેલી હાલતમાં છે ત્યાંના લોકોએ પુછપરછ કરી પરંતુ મહિલા કાંઈ પણ બોલતા નથી અને તેઓ ચિંતામાં છે તેમની મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ની મદદ ની જરૂર છે

જેના પગલે ૧૮૧ કાઉન્સેલર જાગૃતિ ભુવા મહિલા કોન્સ્ટેબલ જયશ્રીબેન કોઠીવાર તેમજ પાયલોટ રસીકભાઈ ઘટના સ્થળે મહિલા ની મદદ માટે પહોંચ્યા હતા મહિલાને ત્યાંના લોકોએ એ.ઈ.ગ્રાઉન્ડ પર જ સુરક્ષિત રીતે બેસાડેલા હતાં સૌપ્રથમ મહિલા ને સાંત્વના આપવામાં આવી તેમજ ૧૮૧ ટીમ દ્વારા મહિલા સાથે વાતચીત કરી અને પ્રાથમિક માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો મહિલા નું ખુબ જ સંવેદનશીલતા પુર્વક કાઉન્સેલીગ કર્યુ કાઉન્સેલીગ દરમિયાન મહિલા એ પોતાની મનોવ્યથા વ્યક્ત કરતા જણાવ્યું કે મહિલા ને છેલ્લા દસ મહિનાથી એક યુવક સાથે ફેસબુક દ્વારા પ્રેમ સંબંધ હોય તે યુવક દ્વારા મહિલા રોજ નાની નાની વાતે માનસિક રીતે તેમજ શારીરિક રીતે ત્રાસ આપતા હોય અને મારઝુડ કરતા હોય તેમજ મહિલા સાથે ગેર વર્તન કરતા હોય અને અપશબ્દો બોલીને મહિલા ને હેરાન કરતાં હોય મહિલા ને લગ્ન કરવાની લાલચ આપીને વારંવાર મળવા બોલાવતા હોય મહિલા એ લગ્ન કરવાનું કહેતા યુવકે લગ્ન કરવાની ના પાડતા મહિલા ને મનમાં લાગી આવતા ઘરેથી કોઈને પણ જાણ કર્યા વિના ચાલતાં ચાલતાં ટ્રેનની નીચે આપઘાત કરવા પહોંચી હતી

ઘટનાની ગંભીરતા ને ધ્યાનમાં રાખીને ૧૮૧ ટીમે યુવક ને ફોન કરીને ઘટના સ્થળ પર બોલાવી ને યુવકનું કાઉન્સેલીગ કર્યુ ટીમે તેમને કાયદાકીય જોગવાઈઓ આવા કૃત્યોના પરિણામો અને સામાજિક જવાબદારી વિશે વિસ્તૃત માહિતી આપી સલાહ સુચન અને માર્ગદર્શન પુરું પાડ્યું.૧૮૧ ની ટીમે યુવક ને તેની ભુલનુ ભાન કરાવી પાઠ ભણાવ્યો, યુવક ને પોતાની ભૂલ નો અહેસાસ થતાં યુવકે મહિલા ની માફી માંગી, આમ ૧૮૧ મહિલા અભયમ ટીમની સક્રિયતા સંવેદનશીલતા અને નિષ્ણાત માર્ગદર્શન નાં કારણે સ્થળ પર જ બંને પક્ષો વચ્ચે સમાધાન થયું

આમ મહિલાએ જીવનમાં ક્યારેય પણ આપઘાત નો વિચાર નહીં કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો અને ક્યારેક પણ ઘરેથી નીકળી ન જવાનો સંકલ્પ વ્યક્ત કર્યો અને રાજી ખુશીથી તેમના પરિવાર સાથે રહેવા જણાવેલ જેને લઈ મહિલા ને તેમના પરિવાર જનોને સહિ સલામત સોંપવામાં આવેલા હોય તેમના પરિવાર જનોને ટીમનો આભાર વ્યક્ત કર્યો છે.

## પતિ સાથે ઝગડો થતા પિયરમાં આવેલ ગર્ભવતી પીડિતા અને પતિનું કુશળ કાઉન્સિલિંગ કરી અભયમ ટીમે સમાધાનકારી નિરાકરણ કર્યું

### પિયરમાં આવેલ સીમંત સંસ્કારના પ્રસંગમાં ચિંતિત પીડિતાની મદદે આવી અભયમ ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા.૨૫/૭ના રોજ રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકામાથી મહિલા હેલ્પ લાઈન માં પીડીત મહિલા નો કોલ આવતા જણાવેલ કે તેઓ સાત મહિના ગર્ભવતી હોઈ પતિ અવર નવર નાની નાની બાબતે જધડા ઓ કરતા હોઈ તેથી બહેન તેમના પિયર છેલ્લા ૫ દીવસ થી રિસામણે હોઈ તેથી પતિ ને સમજાવવા મદદ માંગેલ ... ત્યાર બાદ ૧૮૧ ની વાન તુરંત ઘટના સ્થળ પર પહોંચી પીડિતા સાથે રૂબરૂ વાતચીત કરેલ. પીડિતાએ જણાવેલ તેમના લગ્ન ને એક વર્ષ થયેલ હોય, તેઓ હાલ સાત મહિના ગર્ભવતી હોય, પતી અવાર નવાર નાની નાની બાબતે ઝઘડા ઓ કરતા હોઈ તેથી તેઓ તેમના પિયર અગાઉ પણ રિસામણે ગયેલ હોઈ,તેમજ છેલ્લા પાંચ દિવસ થી તેઓ ફરી ઝઘડો થતા પિયર ગયેલ હોઈ તથા તેમનું સીમંત સંસ્કાર હોઈ તેથી તેઓ તેમના પતિ ને ફોન કરતાં હોઈ , કે કઈ રીતે વ્યવસ્થા કરવી, ગોઠવણી કરવી , પરંતુ પીડીતાએ જણાવેલ કે, તેમના પતિ સરખા જવાબ આપતા ન હોઈ તેથી આજરોજ તેમને સમજાવવા માટે મદદ માંગેલ હોઈ.

ત્યાર બાદ પીડિતા ના પતી સાથે રૂબરૂ વાતચીત કરેલ, પતી નું કાઉન્સિલિંગ કરતા તેઓ યે જણાવેલ કે તેમની પત્નિ ગમે તેમ બોલે છે અપશબ્દો ગાળો બોલે છે એટલે તેમનો હાથ ઉપાડેલ હોઈ અને બંને વચ્ચે ઝઘડાં થાય છે, પીડિતા ને પણ સમજાવેલ કે અપશબ્દો ગાળો ન બોલવા અને તેમના પતિ ને પણ સમજાવેલ હોઈ તેમની પત્નિ ગર્ભવતી હોઈ સરખી રીતે રાખવા જણાવેલ તથા મર પિટ કે હાથ નહિ ઉપાડવા, તેમજ કાયદાકીય જરૂરી માર્ગદર્શન આપેલ, લાંબા પરામર્શ બાદ પીડિતા ના પતી એ જણાવેલ કે તેઓ હવે તેમની પત્નિ ને સરખી રીતે સુખ સાંતી થી રાખશે તથા તેમના દ્વારા કોઈ પણ જાત ની હેરાનગતી કરવામાં નહીં આવે, આમ પતિ પત્નીના કુશળ કાઉન્સિલિંગ દ્વારા સમાધાનકારી નિરાકરણ લાવવામાં આવેલ.

# કાલથી તા.૨ ઓગસ્ટ દરમિયાન રાજકોટ શહેર ઝોનકક્ષાની કલા મહાકુંભ સ્પર્ધા યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર અને રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા રાજકોટ શહેર ઝોન કક્ષા કલા મહાકુંભ સ્પર્ધાનું આયોજન તા. ૨૯ જુલાઈથી ૦૨ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી હેમુ ગઢવી નાટ્યગૃહ અને બાલ ભવન, રેસકોર્ષ ખાતે કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધા અંતર્ગત તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ સવારે ૦૮.૩૦ કલાકથી ક્રમશ બપોરે ૦૧.૦૦ વાગ્યા સુધી લોકનૃત્યો, રાસ, ગરબા, સમૂહગીત, ભરતનાટ્યમ સહિતની સ્પર્ધાઓ હેમુ ગઢવી હોલ ખાતેના મુખ્ય સ્ટેજ અને મીની સ્ટેજ ખાતે યોજાશે. ઉપરાંત, સવારે ૮.૩૦ વાગ્યે હાર્મોનિયમની સ્પર્ધા સ્ટેજ નંબર ૩ (પાર્કિંગ ગ્રાઉન્ડ પાસે) યોજાશે.

તા.૩૦/૦૭/૨૦૨૫ના રોજ સવારે ૯ કલાકે લગ્નગીત અને બપોરે ૨ કલાકે સુગમ સંગીત સ્પર્ધા હેમુ ગઢવી હોલના મુખ્ય સ્ટેજ ખાતે યોજાશે. હેમુ ગઢવી નાટ્ય ગૃહના મીની સ્ટેજ ખાતે સવારે ૮:૩૦ વાગ્યે અને બપોરે ૨ વાગ્યે એકપાત્રીય અભિનય સ્પર્ધાનું આયોજન વયજૂથ અનુસાર થશે. સ્ટેજ નંબર ૩ (પાર્કિંગ ગ્રાઉન્ડ પાસે) સવારે ૮:૩૦ અને બપોરે ૨ વાગ્યે વયજૂથ અનુસાર તબલા સ્પર્ધાનું આયોજન થશે. રેસકોર્ષના બાલભવનના ગેઈટ નં. ૫ ખાતે બપોરે ૧૨:૩૦ કલાકે અને ૩ કલાકે અનુક્રમે ચિત્ર સ્પર્ધાનું આયોજન વયજૂથ અનુસાર થશે.

તા.૩૧/૦૭/૨૦૨૫ના રોજ સવારે ૯ કલાકે હેમુ ગઢવી નાટ્યગૃહના મુખ્ય સ્ટેજ અને મીની સ્ટેજ ખાતે ઝોન નંબર અનુસાર લોકગીત/ ભજન સ્પર્ધા યોજાશે. રેસકોર્ષ ખાતેના બાલભવનના ગેઈટ નં. ૫ ખાતે બપોરે ૧૨.૩૦ કલાકે અને બપોરે ૨.૦૦ વાગ્યે ઝોન નંબર અનુસાર અનુક્રમે વકૃત્વ, નિબંધ સ્પર્ધા યોજાશે.

તા.૦૧/૦૮/૨૦૨૫ના રોજ સવારે ૯ કલાકે હેમુ ગઢવી નાટ્ય ગૃહના મીની સ્ટેજ ખાતે સવારે ૯ વાગ્યે લોકગીત/ભજન સ્પર્ધા યોજાશે. રેસકોર્ષના બાલભવન ગેઈટ નં. ૫ ખાતે સવારે ૯ કલાકે વકતૃત્વ સ્પર્ધા યોજાશે. તા.૦૨/૦૮/૨૦૨૫ના રોજ બપોરે ૧૨ વાગ્યે અને ૨:૩૦ વાગ્યે અનુક્રમે ઝોન નંબર અનુસાર ચિત્ર સ્પર્ધા યોજાશે.

રાજકોટ શહેરમાં ઝોન નં- ૧ થી ૮ના સ્પર્ધા માટે જે સ્પર્ધકોએ ફોર્મ ભર્યું હોય તેમણે સ્પર્ધાના સમયથી ૧૫ મિનિટ વહેલા સ્પર્ધા સ્થળે હાજર થવાનું રહેશે. વકતૃત્વ સ્પર્ધાના વિષય ઝોન નંબર ૧,૨,૩,૪ માં આવતા સ્પર્ધકોને તા.૩૦/૦૭/૨૦૨૫ ગુરુવાર અને ઝોન નંબર ૫,૬,૭,૮ માં આવતા સ્પર્ધકોને તા.૩૧/૦૭/૨૦૨૫ શુક્રવારના રોજ સવારે ૯ કલાકે રાજકોટ કલ્ચરલ ગૃપમાં તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, ૫/૫, બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ થી જાણી શકાશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિતેશ દિહોરાની યાદીમાં જણાવાયું છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું રાજકોટ હીરાસર એરપોર્ટ ખાતે ભાવભીનું સ્વાગત કરતા મહાનુભાવો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા રાજકોટ ખાતેના વિવિધ કાર્યક્રમોમાં સામેલ થવા હીરાસર એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં મેયર નયનાબેન પેઢડીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, અગ્રણી માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, કલેકટર ઓમ પ્રકાશ, રેન્જ આઈ.જી. અશોક કુમાર યાદવ, પોલીસ કમિશનર બ્રજેશ ઝા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિતના મહાનુભાવો દ્વારા મુખ્યમંત્રીનું ભાવભીનું સ્વાગત કરાયું હતું.

# અમરેલીના ઢુંઢિયા પીપળીયા ગામે વૃધ્ધ ખેડૂત દંપતીની હત્યાના ૪ આરોપી પકડાયા



### બેવડી હત્યા કરી, બે લાખની લૂંટ કરી નાસી ગયા હતા, ૨૦ કિ.મી. સુધી સીસીટીવી ચેક કરાયા, ૧૦ દિવસમાં ભેદ ઉકલાયો

**મુખ્ય સમાચાર, રાજુલા**

અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના કુંઢિયા પીપળીયા ગામે ૧૭ જુલાઇના રોજ યુદ્ધ ખેડૂત દંપતિ ચકુભાઈ રાખોલીયા અને તેમના પત્ની કુંવરબેન રાખોલીયાની માથાના ભાગે તિક્ષણ હથિયાર વડે ગંભીર ઇજા કરી બંન્નેની હત્યા કરવામાં આવી હતી. અને બીજા દિવસે ડબલ મર્ડરની ઘટના પ્રકાશમાં આવતા જીલ્લામાં ખળભળાટ મચ્યો હતો. લુંટ કરવા આવેલ અજાણ્યા શખ્સોએ રહેણાંક મકાનના રૂમમાં લોખંડના કબાટનું તાણે કબાટનું તાણે તોડી અને કબાટમાંથી રૂ. બે લાખની લુંટ કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે મરણ જનાર વૃદ્ધ દંપતીના દિકરા હરસુખભાઈ રાખોલીયાએ વડીયા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. વૃદ્ધ દંપતિની હત્યાને લઈ ગામમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. જે બાદ એસપી સંજય ખરાતની સૂચનાથી ડીવાયએસપી ચિરાગ દેસાઈના સુપરવિઝન હેઠળ લુંટ વિથ ડબલ મર્ડરનાં અજાણ્યા આરોપીને શોધી કાઢવા માટે એલસીબી, એસઓજી વડિયા પોલીસ સહિત ૫૦ થી વધુ પોલીસની જુદી જુદી ટીમો બનાવી આરોપીઓને પકડી પડવા વિવિધ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આસપાસના ૨૦ કિલોમીટરમાં સીસીટીવી ચેક કરવામા આવ્યા. તેમજ પોલીસે મૃતકના પરિવારજનો અને સગ્ગા સંબંધીઓની તથા ગ્રામજનોની પૂછપરછ કરવામાં આવી હતી. સ્થાનિક સોર્સ સાથે ટેકનિકલ સોર્સ દ્વારા હત્યારા સુધી પહોંચી પોલીસે ૧. રામજી ઉર્ફે બાલો ઉર્ફે પાગા સોલંકી, ૨. આશિપ ઉર્ફે બાવ સોલંકી, ૩. અનિલ ઉર્ફે અનકો સોલંકી, ૪, મધ્યપ્રદેશનો પરપ્રાંતિય મજૂર મીઠું ઉઠે રામસિંગ મુહા કુલ ચાર આરોપીઓને પોલીસે ઝડપી લીધા હતાં. લૂંટ વિથ ડબલ મર્ડરનો દસ દિવસમાં ભેદ ઉકેલ્યો હતો. ચારેય આરોપીઓને પોલીસે ઝડપી લઈને વધુ તપાસ હાથ ધરી છે.

# ચોટીલા-થાનગઢ રોડ પર ગેરકાયદે ખનન ઝડપાયું : ૩૫ લાખના વાહનો જપ્ત કરાયા




### નાયબ કલેકટરની ટીમે જામવાળી ગામ નજીક સેન્ડ સ્ટોનના ખોદકામ સ્થળે દરોડા પાડ્યા

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

વહેલી સવારે ૭ વાગ્યે ટીમે ચોટીલાના નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણા અને તેમની ગેરકાયદેસર ખનન વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે.ચોટીલા-થાનગઢ રોડ પર જામવ-ળી ગામની નજીક અગાઉથી થયેલા ગેરકાયદેસર સેન્ડ સ્ટોનના ખોદકામને ભરવાની કામગીરી કરતાં એક લોડર અને એક ડમ્પર જપ્ત કરવામાં આવ્યા છે. આ બંને વાહનોની કિંમત કુલ રૂ. લાખ આંકવામાં આવી છે. જપ્ત કરાયેલા વાહનોમાં એક લોડર અને FJ13AT6236 નંબરનું ડમ્પર સામેલ છે. આ વાહનોને મામલતદાર કચેરી ચોટીલા ખાતે ખસેડવામાં ૩૫ આવ્યા છે.આ વાહનોના માલિક જેમાભાઈ ભોપાભાઈ જેજરિયા (રહે. અભેપર) સામે ''ધ ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલિગલ માઈનિંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ, ૨૦૧૭'' અંતર્ગત નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તંત્ર દ્વારા ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ સામે આ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

# શહેર ભાજપ કોષાધ્યક્ષ અને પંચનાથ હોસ્પિટલનાં માનદ મંત્રી-જૈન શ્રેષ્ઠી મયુરભાઈ શાહનો આજે જન્મદિવસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવાતા ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવ સમિતિના સદસ્ય, પંચનાથ સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ હોસ્પિટલ તેમજ પંચનાથ ઈંગ્લીશ મીડીયમ સ્કુલના માનદમંત્રી અને જાણીતા જૈન શ્રેષ્ઠી અને જીવદયા પ્રેમી મયુરભાઈ શાહનો આજે જન્મદિવસ છે. જીવનમાં હંમેશા પરગજુ પ્રવૃતિ અને સાધુ-સંતોની વૈયાવવ્યમાં અગ્રેસર અને મિલનસાર સ્વભાવનાં મયુરભાઈનાં જન્મદિવસે રાષ્ટ્ર સંત પૂ. નમ્રમુનિ મહારાજ સાહેબ, પૂ. નયનપથ્યસાગર સુરીશ્વરજી મ.સા. તેમજ સદગુરુદેવ પૂ. પારસમુનિ મહારાજ સાહેબ અને પરમ શ્રદ્ધેવ પ.પૂ. ધીરજમુની મહારાજ સાહેબ, ગુજરાત રત્ન પ.પૂ.સુશાંતમુનિ મહારાજ સાહેબએ આશિર્વાદ પાઠવ્યા છે. આ ઉપરાંત મયુરભાઈનાં જમાઈ અનિક શેઠ લાડકી દિકરીઓ કિંજલ અને રાજવીએ શુભેચ્છા પાઠવી છે.

મયુરભાઈ શાહ રાજકોટમાં કાર્યરત બનેલ પંચનાથ હોસ્પિટલમાં ટ્રસ્ટી તરીકે બેનમુન સેવા આપી ચુકેલ છે, શરૂઆતથી જ હોસ્પિટલ માટે કરોડો રૂપિયાનું દાન એકત્ર કરી સેવાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરુ પાડેલ છે, હાલમાં તેઓ પંચનાથ હોસ્પિટલમાં માનદમંત્રીની જવાબદારી વહન કરી રહેલ છે, કોરના મહામારી દરમ્યાન મયુરભાઈ શાહ હોસ્પિટલનાં ઓકસીઝનનાં પ્લાન્ટ માટે ૧ કરોડથી પણ વધુ રકમ એકત્ર કરવામાં નિમિત બનેલ. જૈન સંકલ્પ ટ્રસ્ટ સંચાલીત જૈન ભોજનાલય કે જયાં દરરોજના ૫૦૦ થી પણ વધુ સાધર્મિક બંન્ને ટાઈમ ભોજનનો લાભ ફકત રૂા.૧૦ નાં ટોકન દરથી મેળવી રહયા છે, આ સંસ્થામાં પણ મયુરભાઈ શાહ દ્વારા માતબર રકમનું અનુદાન એકત્રીત કરવામાં પણ નિમિત બની એક ઉતમ ઉદાહરણ પુરુ પાડેલ છે. પ્રતિષ્ઠીત ગારડી એવોર્ડ, પ્રાઈઝ ઓફ રાજકોટ, સ્ટાર ઓફ સૌરાષ્ટ્ર મનોરત્ન જેવા અનેક એવોર્ડથી મયુરભાઈ શાહને સન્માનિત કરવામાં આવેલ છે.

આજે તેમના જન્મદિવસ નીમિતે મો.૯૩૭૪૧ ૦૦૦૭૫ તથા ૯૪૨૮૨ ૦૦૦૭૫ પર શુભેચ્છાની વર્ષા થઇ રહી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને દેશનું AI ઈનેબલ્ડ ગવર્નન્સ લીડર બનાવવા AI અમલીકરણનો એક્શન પ્લાન મંજૂર કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યની શાસન વ્યવસ્થામાં સ્માર્ટ ડિસીઝન, નાગરિકલક્ષી યોજનાઓ, સેવા વિતરણ પ્રણાલી અને કલ્યાણ યોજનાઓનો લાભ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગથી ઝડપી અને અસરકારક રીતે મળે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક્શન પ્લાન ફોર ઈમ્પ્લીમેન્ટેશન ઓફ આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ ૨૦૨૫-૨૦૩૦ને મંજૂરી આપી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની AIના વ્યાપક ઉપયોગથી ડિજિટલ એમ્પ્વારમેન્ટ અને ટેકનોલૉજીકલ સેક્ટરમાં ભારતને વિશ્વનું નેતૃત્વ કરવા સજ્જ બનાવવાની પ્રતિબદ્ધતાને સુસંગત ગુજરાતનો આ એક્શન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેકનોલૉજી ડ્રિવન ગવર્નન્સ અને સામાજિક-આર્થિક વિકાસમાં ગુજરાતને અગ્રેસર રાખીને વિકસિત ગુજરાત@2047ના વિચાર સાથે શાસન વ્યવસ્થા અને સરકારના વિભાગોમાં A.I.નો સમુચિત ઉપયોગ કરવાની જાહેરાત સોમનાથમાં નવેમ્બર-૨૦૨૪માં યોજાયેલી વાર્ષિક ચિંતન શિબિરમાં કરી હતી.

આ દ્દષ્ટિકોણને અનુરૂપ ગવર્નન્સ, આરોગ્ય સંભાળ, શિક્ષણ, કૃષિ, ફિનટેક તથા અન્ય મિશન-ક્રિટીકલ ક્ષેત્રોમાં AIને રાજ્યવ્યાપી બનાવવા ૧૦ સભ્યોની એક તજજ્ઞ AI ટાસ્કફોર્સ કમિટિની રચના પણ કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ આ ટાસ્કફોર્સની ભલામણોના આધારે તેમની સમક્ષ રજૂ થયેલા એક્શન પ્લાન ફોર ઈમ્પ્લીમેન્ટેશન ઓફ એ.આઈ. ૨૦૨૫-૨૦૩૦ને અનુમોદન આપ્યું છે.

મુખ્યમંત્રીના દિશાદર્શનમાં તૈયાર થયેલો આ એક્શન પ્લાન રાજ્ય સરકારને અદ્યતન AI ક્ષમતાઓથી સજ્જ કરવા માટે ટાઈમ બાઉન્ડ બ્લૂપ્રિન્ટ તરીકેનું કાર્ય કરશે. એટલું જ નહિ, સરળતાએ સેવા વિતરણ, બહેતર નાગરિક જીવનની સુનિશ્ચિતતા, જીવનમાં ગુણવત્તા વૃદ્ધિ સાથેની સમૃદ્ધ નવીનતાપૂર્ણ AI ઈકોસિસ્ટમ પણ ઊભી થશે.

એક્શન પ્લાનના સુવ્યવસ્થિત અને સમયસર અમલીકરણ માટે, રાજ્ય દ્વારા એક સમર્પિત AI અને ડિપટેક મિશનની સ્થાપના કરવામાં આવશે. આ મિશન રાજ્ય સરકારમાં AI સ્ટ્રેટેજીસ અને ઊભરતી ટેકનોલૉજી માટેની ડિઝાઈન, અમલીકરણ અને ઈનોવેશનમાં નેતૃત્વકર્તાના રૂપમાં એક વિશિષ્ટ સંસ્થાકીય પદ્ધતિ તરીકે કાર્ય કરશે.

આ ઉપરાંત, સ્ટાર્ટઅપ્સ, શૈક્ષણિક શોધ-સંશોધન અને ઉદ્યોગોને સહયોગથી સુદ્રઢ ઈકોસિસ્ટમને બળ આપશે. AI અને તેને સંલગ્ન ટેકનોલૉજીસમાં વર્કફોર્સની સ્કીલીંગ, રિ-સ્કિલીંગ અને અપસ્કીલીંગ પર ફોકસ કરશે.

ગુજરાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગવર્નન્સમાં એ.આઈ.ના જે નવતર અભિગમો અપનાવ્યાં છે તેમાં ગિફ્ટ સિટીનું એ.આઈ. સેન્ટર ઑફ એક્સેલન્સ, એ.આઈ. ઈનોવેશન ચેલેન્જ, હાઈ પર્ફોમન્સ જી.પી.યુ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એ.આઈ. ટ્રેનિંગ અને વર્કશોપ તથા એલ.એલ.એમ.(લાર્જ લેન્ગ્વેજ મોડલ) માટે ઈન્ડીજિનસ એક્સપ્રેશન ઑફ ઈન્ટરેસ્ટનો સમાવેશ થાય છે.

# રાજકોટ સહિત રાજયના વહીવટી સેવા વર્ગ-૧ના ૫૯ અધિકારીઓની સામુહિક બદલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા રાજકોટ સહિત રાજયના ૫૯ વહીવટી સેવા (જુનિયર સ્કેલ) વર્ગ-૧ના અધિકારીઓની સામુહિક બદલી કરવામાં આવી છે. તેની સાથોસાથ વર્ષ ૨૦૨૩ની બેચના છ આઈએએસની આસી. કલેકટર તરીકે પણ નિમણુંક કરવામાં આવી છે.

જેમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ડેપ્યુટી કલેકટર તરીકે ફરજ બજાવતા કે.એ. રાઠોડની બદલી કરી તેઓની આસીસ્ટન્ટ જીલ્લા વિકાસ અધિકારી તરીકે સુરેન્દ્રનગર નિમણુંક કરવામાં આવી છે. આવી જ રીતે અમરેલીના ડે.કલેકટર (સ્ટેમ્પ ડયુટી) એમ.જી. નિમાવતને ડાયરેકટર ઓફ સીવીલ એવીલેશન તરીકે અમદાવાદ જીલ્લાની જવાબદારી સોંપવામાં આવી છે.

પોરબંદર ડેપ્યુટી ડીઈઓ તરીકે ફરજ બજાવતા વી.આર. માંકડીયાની જામનગર ખાતે ડે.ડીડીઓ તરીકે જામનગરના ડે.ડીઈઓ કે.પી. ગોહિલને સુરત જીલ્લામાં ડે.કલેકટર પ્રોટોકોલ તરીકે ફરજ સોપવામાં આવી છે. સુરેન્દ્રનગરના ડે. ડીડીઓ એમ.જે. ભરવાડની બદલી કરી તેઓને પ્રાંત ઓફિસર વઢવાણ તરીકે નિયુકિત આપવામાં આવી છે. જુનાગઢના ડે. ડીઈઓ ડી.જે. જાડેજાને સુરતના ડે. મ્યુ.કમિશ્નર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

આવી જ રીતે જુનાગઢ મ્યુ.કોર્પોરેશનના ડેપ્યુટી કમિશ્નર તરીકે ફરજ બજાવતા ઝાપડાની બદલી કરીને તેઓને રાજકોટ જીલ્લાના ડીસ્ટ્રીકટ સપ્લાય ઓફિસરને મુકવામાં આવેલ છે. આમ કુલ રાજયના ૫૯ વહીવટી સેવા વર્ગ-૧ના ૫૯ અધિકારીઓની સાગમટે બદલી મહેસુલ વિભાગ દ્વારા કરવામાં આવી છે. જયારે રાજયમાં ૨૦૨૩ની બેચના ૬ આઈએએસની આસીસ્ટન્ટ કલેકટર તરીકે નિયુકિત કરાયેલ છે જેમાં અદિતી વર્શીનીની પ્રાંત ઓફીસર જામનગર શહેર, ઐશ્વર્યા દુબેની પ્રાંત ઓફીસર વડોદરા ગ્રામ્ય, આયુષ્ય જૈનની પ્રાંત ઓફીસર પ્રાંતીજ, ઈલાપલી સુસ્મિતાની પ્રાંત ઓફીસર હાલોલ, ઉત્કર્ષ ઉજજવલની પ્રાંત ઓફીસર નખત્રાણા અને પરસનજીત કૌરની પ્રાંત ઓફીસર રાજપીપળા, તેમજ મુશ્કાન ડાંગરની પ્રાંત ઓફીસર રાજપીપળા તથા હરીની કે. આર.ની પ્રાંત ઓફીસર દાતા ખાતે નિયુકિત કરવામાં આવી છે.

# અવસાન નોંધ



સ્વ.ગૌરીબેન ગોવિંદભાઈ સરવૈયાનું તા.૨૫ના અવસાન થયું છે. તેમનું કારજ (પાણીઢોળ) કાલે મંગળવારના બપોરે રાખેલ છે. તથા ભોજન પ્રસાદ અને સંતવાણી આજે તા.૨૮ના સાંજે ૭ વાગ્યે રાખેલ છે. આંબેડકર કોમ્યુનિટી હોલ જિલ્લા ગાર્ડન ચોક કેનાલ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

# ૨૭ ઓગસ્ટની પોરબંદર-શાલીમાર સુપરફાસ્ટ ટ્રેન રદ

દક્ષિણ પૂર્વ મધ્ય રેલવેના બિલાસપુર ડિવિઝનના રાયગઢ-ઝારસુગુડા સેક્શનમાં ચોથી લાઇનને કનેક્ટિવિટી પ્રદાન કરવા સંબંધિત કાર્ય માટે બ્લોક લેવામાં આવ્યો છે. આ બ્લોકના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે ટ્રેનો રદ કરવામાં આવી છે. રદ થયેલી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

(૧) ટ્રેન નંબર ૧૨૯૦૫ પોરબંદર-શાલીમાર દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ તા. ૨૭.૦૮.૨૦૨૫ ના રોજ રદ રહેશે. (૨) ટ્રેન નંબર ૧૨૯૦૬ શાલીમાર-પોરબંદર દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ તા. ૨૯.૦૮.૨૦૨૫ ના રોજ રદ રહેશે.

# વિસાવદર-ભેંસાણ પંથકમાં આપના ધારાસભ્ય ઈટાલીયાનો મનરેગા સહિતના કામોમાં કૌભાંડનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, જુનાગઢ**

વિસાવદર વિધાનસભાની ચુંટણી બાદ નવા વરાયેલા ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જુનાગઢ જીલ્લા પંચાયત ભાજપ શાસીત કેટલાયે કૌભાંડનો પર્દાફાશ કરવાનું શરૂ કર્યું છે. તેમણે મનરેગા યોજના હેઠળ રસ્તા તળાવ સહિતના કામો સ્થળ પર ન હોવા છતાં નાણાં ઉપાડી લેવામાં આવ્યા છે.

હેલ્થ એટીએમની ખરીદીમાં ભ્રષ્ટાચારના આક્ષેપ લગાવતા જીલ્લા પંચાયતના હાલના પ્રમુખ હરેશભાઈ ઠુમ્મરે સ્પષ્ટતા કરવી પડી છે કે ભ્રષ્ટાચાર થયો હશે. પરંતુ તે ભ્રષ્ટાચાર મારા કાર્યકાળ પહેલા થયો છે. જે દોષનો ટોપલો મારા પર આવી રહ્યો છે.

આ અંગે તપાસ કરી દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવાની માંગ કરી છે. આ અંગે તાત્કાલીક મુખ્યમંત્રી દ્વારા કલેકટરની અધ્યક્ષતામાં તપાસ કમીટી બનાવી તાત્કાલીક તપાસ કરવાની માંગ




સાથે દૂધનું દૂધ, પાણીનું પાણી થઈ જશે. આડકતરી રીતે અગાઉ ભ્રષ્ટાચાર થયાનો સ્વીકાર કરાયો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટના પૂર્વ પીઆઇનું મહિલા વોર્ડન પર દુષ્કર્મ



### પીઆઈ ફર્નાન્ડીઝે લગ્નની લાલચ આપી ૩ વર્ષ સુધી હવસનો શિકાર બનાવ્યાની ફરિયાદઃ ઘટના પાછળ પડદો પાડવા પોલીસ અધિકારીઓના ધમપછાડા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસબેડાને કલંક લગાડતી ઘટના પ્રકાશમાં આવી છે, શહેરમાં અગાઉ ફરજ બજાવી ચૂકેલા પીઆઈ વી.જે.ફર્નાન્ડિઝ સામે મહિલા ટ્રાફિક વોર્ડને ફરિયાદ નોંધાવી છે. પીઆઈ ફર્નાન્ડિઝે લગ્નની લાલચ આપી ટ્રાફિક વોર્ડન મહિલાનું શારીરિક શોષણ કર્યું હતું. પૂર્વ પીઆઈ સામે ગુનો નોંધાતા શહેર પોલીસબેડામાં ચકચાર મચી ગઇ હતી.

રાજકોટ શહેર ટ્રાફિક બ્રિગેડમાં ફરજ બજાવતી મહિલા વોર્ડને મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે વી.જે.ફર્નાન્ડિઝનું નામ આપ્યું હતું. પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ વી.જે.ફર્નાન્ડિઝ અગાઉ રાજકોટ શહેરમાં પોલીસ ઈન્સપેક્ટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમણે મહિલા ટ્રાફિક વોર્ડનને પોતાની જાળમાં ફસાવી હતી અને મહિલા વોર્ડનને લગ્નની લાલચ આપી તેની સાથે ત્રણ વર્ષ સુધી શરીર સંબંધ બાંધ્યા હતા.

રાજકોટથી ફર્નાન્ડિઝની એકાદ વર્ષ પહેલા અમદાવાદ બદલી થઈ હતી, ત્યારબાદ પણ તેણે ટ્રાફિક વોર્ડન સાથેના સંપર્ક અને સંબંધ જાળવી રાખ્યા હતા પરંતુ બે મહિના પહેલા રાજકોટની જ મહિલા કોન્સ્ટેબલ સાથે ફર્નાન્ડિઝે લગ્ન કરી લીધા હતા, મહિલા કોન્સ્ટેબલ સાથે લગ્ન કરી પોતાની સાથે દગાખોરી કરનાર પૂર્વ પીઆઇ ફર્નાન્ડિઝ સામે અંતે મહિલા વોર્ડને ફરિયાદ નોંધાવી હતી, પોલીસે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આગળ ધપાવી હતી.

સરકારે ફરજમુક્ત કર્યા હોવા છતા ફર્નાન્ડિઝ સામેની ફરિયાદ છુપાવવા ધમપછાડા થયા બાદ રાજકોટના પૂર્વ પીઆઈ વી.જે.ફર્નાન્ડીઝ સામે દૂષ્કર્મનો ગુનો મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો.

# રોજના ૫ ટકાના વ્યાજે લીધેલા પાંચ લાખના ચાર ચુકવ્યા, છતાં એક લાખની ઉઘરાણી માટે મારમાર્યો

### રાજકોટમાં વ્યાજખોરોનો સિતમ યથાવત વેપારી ઉપર કર્યો હુમલો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં બેફામ બનેલા વ્યાજખોરોને નાથવામાં પોલીસતંત્ર નિષ્ફળ ગયું છે ત્યારે એક વ્યાજખોર દરરોજનું ૫ ટકા વ્યાજ વસૂલતો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, આ વ્યાજખોરે રૂપિયા ૫ લાખ દરરોજના ૫ ટકા વ્યાજે ધીરી રૂપિયા ૪ લાખ વસૂલ્યા બાદ વધુ રૂપિયા ૫ લાખની માંગ કરી વેપારીને ઢોરમાર માર્યો હતો.

મનહરપુરમાં રહેતા અને ઓનલાઈન - રમકડાનો વેપાર કરતાં વેપારી નિખિલ મહેશભાઈ કોટેચા (ઉ.વ.૩૭) એ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે માધવ આહીર અને ભાણા નામના શખ્સનું નામ આપ્યું હતું. નિખિલ કોટેચાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, માધવ આહીર પાસેથી છ મહિના પહેલા રૂ.૫ લાખ દરરોજના ૫ ટકા વ્યાજે લીધા હતા, જેની સામે રૂ.૪ લાખ ચૂકવી પણ દીધા હતા, રૂ૧ લાખ આપવાના બાકી હતા.

ગત તા.૨૪ના નિખિલ અને તેના પત્ની દક્ષાબેન કોસ્મોપ્લેક્સ સિનેમામાં પિક્ચર જોવા ગયા હતા અને પિક્ચર જોઈને સિનેમાની બહાર નીકળ્યા હતા ત્યારે માધવ આહીરે તેને આંતરી બાઈકની ચાવી કાઢી લઈ નિખિલને સાઈડમાં લઈ ગયો હતો અને નાણાંની ઉઘરાણી કરી હતી, નિખિલે પોતાની પત્ની સાથે છે કાલે હિસાબ કરી જઈશ તેમ કહેતા તેને જવા દીધો હતો.

બીજા દિવસે નિખિલ વ્યાજખોરને તેની ઓફિસ જામનગર રોડ પર ગ્રીનલીફ નજીક મળવા ગયો હતો ત્યારે માધવ આહીરે રૂપિયા ૫ લાખની માંગ કરી હતી, વેપારી નિખિલે હવે રૂ.૧ લાખ જ આપવાના છે અને હાલમાં નાણાંની વ્યવસ્થા નથી,

થોડા દિવસમાં ૧ લાખ ચૂકવી દેશે તેમ કહેતા માધવ ઉશ્કેરાયો હતો અને તેણે રૂ.૫ લાખ તો આપવા જ પડશે તેમ કહી નિખિલને પ્લાસ્ટિકનો પાઈપ ઝીંકી દીધો હતો અને ઓફિસમાં રહેલા ભાણા નામના શખ્સે પણ વેપારીને લાકડાનો ધોકો ફટકાર્યો હતો. ઢોરમાર માર્યા બાદ બંને શખ્સ વેપારી નિખિલને નાગેશ્વર નજીક ઉતારીને જતા રહ્યા હતા.

વ્યાજખોરની લુખ્ખાગીરી અને ઢોરમારથી ગભરાઈ ગયેલા વેપારી બે દિવસ ગુમસુમ પડયા રહ્યા હતા અંતે તેમણે વ્યાજખોર સામે કાનૂની રાહ અપનાવ્યો હતો, પોલીસે માધવ આહીર અને ભાણા સામે ગુનો નોંધી બંનેની શોધખોળ શરૂ કરી હતી.

# યુવકને બંધક બનાવી માર ન મારવાના ત્રણ શખસોએ ૨.૨૦ લાખ પડાવ્યા

### કુવાડવા પાસે ખોરાણા ગામે મિત્રને પેટ્રોલ દેવા જતાં ફસાયો, રીક્ષા વેંચી અને બહેન પાસેથી રૂપિયા લઇને આરોપીઓને ચૂકવતાં મુક્ત થયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં યુવકને બંધક બનાવી તેની પાસેથી માર ન મારવાના લાખો રૂપિયા પડાવી લેવાની ઘટના સામે આવી છે. ભકિતનગર સર્કલ પાસે રહેતા ૩૫ વર્ષીય યુવક ખોરાણા ગામે મિત્રને પેટેદેવજી હાજર ત્રણ શખસોએ યુવકને ૧૮ કલાકથી વધુ બંધક બનાવી ધમકાવતા યુવકે પોતાની રીક્ષા વેંચી અને બહેન પાસેથી ઉછીના લઈ રૂપિયા ૨.૨૦ લાખ આરોપીઓને ચૂકવતાં આખરે તેને મુક્ત કરવામાં આવ્યો હતો.

ભક્તિનગર સર્કલ નજીક ગીતા મંદિર પાસે ફૂટપાથ પર ઝૂંપડામાં રહેતા અને કબાડીનો વેપાર કરતા ગુણવંત ઉર્ફે ગુણો રાજુભાઈ મકવાણા (ઉં.વ.૩૫) નામના યુવકે કુવાડવા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, મિત્ર ભુપી ઉર્ફે ભુપેન્દ્ર સતનામસિહ ભાવરીએ ૨૫ જુલાઈ ૨૦૨૫ની રાત્રે લગભગ ૧૦ વાગ્યે ફોન કરી, ખોરાણા ગામ નજીક પેટ્રોલ ખૂટી ગયું હોવાનું કહીને બોલાવ્યા હતા. ગુણવંત તેમના મિત્ર ભાણો ઉર્ફે યુવરાજ રાજપૂત સાથે રિક્ષ-ામાં ખોરાણા ગામ તરફ નીકળ્યા. રસ્તામાં ભુપીએ ફોન પર સતત સ્થળ બદલવાનું કહ્યું અને અંતે તેમને કણકોટ ગામના રેલવે ફાટક પાસે બોલાવ્યા. ત્યાં એક સ્વિફ્ટ ગાડીમાં ભુપી અને ત્રણ અજાણ્યા શખ્સો હતા, જેમાંથી એકનું નામ અજય હોવાનું જાણવા મળ્યું, જેના હાથની આંગળીઓ કપાયેલી હતી. ગુણવંતના જણાવ્યા મુજબ, અજય અને તેના સાથીઓએ ભુપી પાસેથી ૨૦,૦૦૦ રૂપિયાનું દેવું હોવાનો બહાનું બનાવી, ગુણવંતને ગાળો આપી અને લોખંડ તથા પ્લાસ્ટિકના પાઈપ વડે માર માર્યો હતો. આ દરમિયાન તેને ધમકી આપવામાં આવી કે જો પૈસા નહીં આપે તો મારી નાખવામાં આવશે ગુણવંતે વિજય ઉર્ફે લટારા નામના વ્યક્તિને બોલાવ્યો જેણે અજય સાથે વાતચીત કરી અને રૂ. ૭ લાખની માંગણી ઘટાડીને રૂ. ૨,૨૦,૦૦૦ કરી. આ રકમ ગુણવંતની બહેન સીમિતાબેનના બેંક ખાતામાંથી રૂ. ૧,૫૦,૦૦૦ અને ગુણવંતની રિક્ષા વેચીને રૂ. ૭૦,૦૦૦ની વ્યવસ્થા કરીને ચૂકવવામાં આવતા આરોપીએ લગભગ ૧૮ કલાક બાદ બીજા દિવસે બાપરે ૪ વાગ્યા આસપાસ મોરબી રોડ પર અવાવરું જગ્યાએ ગુણવતને ઉતારી દીધો હતો.

જે બાદ ગુણવંતે તેની બહેનને સમગ્ર ઘટના અંગે જાણ કરી અને ઈજાગ્રસ્ત હાલતમાં તેને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબે ડાબા પગમાં ફેક્ચર તેમજ સાથળ, વાંસા અને હાથમાં ઈજાઓ પહોંચી હોવાનું જણાવ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુન્હો વધુ તપાસ હાથ ધરી છે.

# કારખાનામાં કામ કરતો શ્રમિક મશીનમાં ફસાઈ જતાં મોત

### નાકરાવાડીમાં બેભાન હાલતમાં ઢળી પડેલા યુવાને દમ તોડયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે અમદાવાદ હાઈવે ઉપર ત્રિમંદિર પાસે આવેલા કારખાનામાં કામ કરતો શ્રમિક યુવાન અકસ્માતે મશીનમાં ફસાઈ ગયો હતો. યુવકને ગંભીર ઈજા પહોંચવાથી મોત નિપજ્યું હતું. યુવકના મોતથી શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં અમદાવાદ હાઈવે ઉપર ત્રિમંદિર પાસે આવેલા ટ્રેનીઝ સ્પાઈસીસ નામના કારખાનામાં કામ કરતાં નંદન કુમાર પુનિત કુમાર પડા નામનો ૧૯ વર્ષનો બિહારી યુવાન કારખાનામાં કામ કરતો હતો ત્યારે મશીનમાં હાથ ફસાતા યુવાન મશીન સાથે અથડાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતો. જ્યાં તેનું મોત નિપજ્યું હતું. યુવકના મોતથી શ્રમિક પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

આ ઉપરાંત બીજા બનાવમાં રાજકોટમાં આવેલા નાકરાવાડી ગામે રહેતા બટુકભાઈ હમીરભાઈ બાહુકિયા નામનો ૪૦ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતા કુવાડવા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે યુવકને જોઈતપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વોકિંગમાં નીકળેલી ત્યકતાની શખસે છેડતી કર્યા બાદ પત્ની સાથે મળી માર માર્યો

### હું તને કેટલા દિવસથી પુછું છું, તું મારી સાથે કેમ બોલતી નથી? શાપર પોલીસે દંપતી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપરમાં માવતરે રહેતી ત્યકતા તેની માસીની પુત્રી સાથે વોકિંગમાં નીકળી હતી ત્યારે મફતીયાપરામાં રહેતા શખસે આવી ત્યકતાને કહ્યું કે હું તને કેટલા દિવસથી પુછું છું, તું મારી સાથે કેમ બોલતી નથી જેથી ત્યકતાએ બોલવાનો ઈન્કાર કરતા શખસે છેડતી કરી નાઈટ ડ્રેસનું ટોપ ફાડી નાખ્યા બાદ પત્નિને બોલાવી ત્યકતાને મારકુટ કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે દંપતી સામે ગુનો નોંધી શોધખોળ આદરી છે.


શાપરમાં માવતરે રહેતી ૨૮ વર્ષીય ત્યકતાએ શાપર પોલીસમાં વેરાવળ રહેતો નનકો તથા તેની પત્નિ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે રાત્રીના માસીની પુત્રી સાથે વોકિંગમાં નીકળી ત્યારે મફતીયાપરામાં રહેતો નનકો બાઈક લઈ અમારી બાજુમાંથી પસાર થતા માસીની પુત્રીની ચુંદડી તેના બાઈકમાં ભરાઈ જતા જેથી દેખાતું નથી તેમ કહેતા શખસે અમો બન્નેને કહ્યું કે રોડ કયાં કોઈના બાપનો છે.કહી મને કહ્યું કે હું તને કેટલા દિવસથી પુછું છું.તું મારી સાથે કેમ બોલતી નથી જેથી તેણીએ બોલવાનો ઈન્કાર કરતા શખસ ઉશ્કેરાઈ જઈ તેણીની છેડતી કરી નાઈટ ડ્રેસનું ટોપ ફાડી નાખ્યા બાદ તેની પત્નિને બોલાવી તેણીને મારકુટ કરી નાશી છુટયા હોવાનું જણાવતા પોલીસે દંપતિ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પિતાએ છ મહિના સુધી ૧૨ વર્ષની પુત્રીનો દેહ પીંખ્યોઃ ગુનો નોંધાયો, નરાધમ ફરાર

### રૂમમાં પૂરાઈ બાળકીને અડપલાં કરી રહ્યો હતો ત્યારે જ માતા આવી જતાં કરતૂતનો ભાંડો ફૂટ્યોઃ પુત્રીની પૂછપરછ કરતા પિતાએ વારંવાર દુષ્કર્મ ગુજાર્યાની કેફિયત આપતા ગુનો નોંધાયોઃ હેવાન બાપની શોધખોળ શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૮૦ ફૂટ રોડ પર પત્ની, બે પુત્રી અને એક પુત્ર સાથે રહેતા હેવાન પિતાએ ૧૨ વર્ષની કુમળા ફુલ જેવી પુત્રી ઉપર છ-છ મહિના સુધી દુષ્કર્મ ગુજાર્યું હોવાની ઘટના બનતા સનસનાટી મચી જવા પામી હતી. સગા બાપનું આ



કુકર્મ હજુ પણ યથાવત રહ્યું હોત પરંતુ પુત્રીને રૂમમાં પૂરી અડપલાં કરી રહ્યો હતો ત્યારે જ માતા આવી જતા મામલાનો ભાંડાફોડ થયો હતો. જો કે હેવાન પિતા વિરુદ્ધ જેવી પોલીસ ફરિયાદ નોંધાઈ કે તે તુરંત જ નાસી છૂટવામાં સફળ રહેતા તેની શોધખોળ આદરવામાં આવી છે.

આ ચકચારી ઘટનાની વિગતો પ્રમાણે છેલ્લા ચાર વર્ષથી રાજકોટમાં રહેતા આ પરિવ-ારમાં ૧૨ વર્ષની અને અન્ય બાળકો સહિતના વસવાટ કરતા કરે છે. માતા ઘરના કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. હતી જ્યારે પિતા ચોકીદારી કરતો હતો. જો કે તેનામાં રહેલી હવસનો શિકાર તેણે પોતાની ૧૨ વર્ષની પુત્રીને જ બનાવી હતી. તાજેતરમાં જ માતા ઘરકામ કરવા બહાર ગઈ હતી ત્યારે અન્ય સંતાનોની હાજરીમાં જ બાપે ૧૨ વર્ષની બાળકીના શરીર પર અડપલા કરવાનું શરૂ કર્યું હતું. બરાબર આ વેળાએ જ બાળકીની માતા આવી જતા પુત્રી પર તેનો જ બાપ શારીરિક ચેષ્ટા કરી રહ્યાનું જોઈ અવાચક બની ગઈ હતી.

આ પછી તેણે ડઘાયેલી બાળકીને પૂછતાં તેનો પિતા આવું છેલ્લા છ મહિનાથી કરતો હોવાની કેફિયત આપી હતી અને અત્યાર સુધીમાં તેણે ચારેક વખત બાળકીનું શરીર ચૂંથ્યું હોવાની કબૂલાત આપતાં માતા તેને લઈને તાલુકા પોલીસ મથકે દોડી ગઈ હતી અને ત્યાં પીઆઈ હરિપરાને સઘળી હકીકત જણાવી હતી. આ પછી પીઆઈ સમક્ષ રડતાં રડતાં પિતાના કરતૂત જણાવતા હાજર સ્ટાફ પણ ક્રોધિત થયો હતો અને તુરંત જ હેવાન શખસની શોધખોળ શરૂ કરી હતી.

જો કે તે પહેલાં જ રફુચક્કર થઈ જતા તેની સઘન શોધખોળ શરૂ કરવામાં આવી છે. પિતા અડપલા કરી રહ્યા હતો બરાબર ત્યારે જ માતા આવી ન ચડી હોત તો તેની પાપલીલા હજુ પણ યથાવત રહી હોય અને પુત્રી બાપની જ હવસનો ભોગ બની રહી હોત...!

# કુવાડવામાં ટ્રેક્ટર પર રમતી બે વર્ષની બાળા અકસ્માતે પટકાતા મોત

### માસુમ બાળકીના મોતથી પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલા કુવાડવા ગામે શિવમ સોસાયટી પાસે ઝુપડપટ્ટીમાં રહેતા પરિવારની બે વર્ષની માસુમ બાળકી ટ્રેક્ટર ઉપર રમતી હતી ત્યારે અકસ્માતે રમતા રમતા નીચે પટકાતા ગંભીર ઈજા પહોંચી હતી. માસુમ બાળકીને સારવાર મળે તે પૂર્વે જ મોત નિપજતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટ નજીક આવેલા કુવાડવા ગામે શિવમ સોસાયટી પાસે ઝુપડપટ્ટીમાં રહેતા પરિવારની રિયા કમલેશભાઈ ગુંડિયા નામની બે વર્ષની માસુમ બાળકી સવારના સાડા દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે ટ્રેક્ટર ઉપર રમતી હતી ત્યારે રમતા રમતા અકસ્માતે નીચે પટકાતા તાત્કાલીક સારવાર માટે કુવાડવા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં બાળકીનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી. આ અંગે કુવાડવા રોડ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રદ્ધા પાર્ક માં પાછળ કેમ આવે છે?' પૂછતાં જ યુવાન ને છરી ઝીંકી

### એક જ શેરીમાં રહેતા બે શખસો વચ્ચે સામાન્ય બાબતે બોલી ગઈ બઘડાટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સામાન્ય બાબતે ''પાછળ કેમ આવે છે' તેવું પૂછતાં જ છરી ઝીકી દેતા ઘાયલ યુવકને સારવાર માટે હોસ્પિટલે ખસેડવો પડયો હતો.

આ અંગે અજય રામજીભાઈ ડાભી (ઉ.વ.૨૯)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તે તેની ગાડી લઈને શ્રદ્ધા પાર્ક પાસે આવેલા ડી-માર્ટમાં ખરીદી કરવા માટે ગયો હતો. આ વેળાએ ગાડીની આજુબાજુમાં રાજ ઉર્ફે રાજેશ નાથાભાઈ ડાંગર કે જે અજયના ઘરની બાજુમાં જ રહે છે તે ચક્કર મારતો હતો. આ પછી અજય ડાભી તેની કાર લઈને ઘર પાસે આવેલી શેરીના ખૂણે ગાડીમાંબેઠો હતો ત્યારે રાજેશ ઉર્ફે રાજેશ નાથાભાઈ હાથમાં પાઈપ લઈને ધસી આવ્યો હતો અજયે કહ્યું હતું કે તું મારી પાછળ પાછળ કેમ આવે છે ? આ સાંભળી રાજ ઉર્ફે રાજેશ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો ભાંડવા લાગ્યો હતો. જો કે અજયના માતાએ રાજના હાથમાં પાઈપ લઈ લેતાં રાજની સાથે રહેલા અજાણ્યા શખસે અજયને પકડી લીધો હતો. આ વેળાએ રાજે નેફામાંથી છરી કાઢી અજયને મારી દેતાં લોહી નીકળતી હાલતમાં હોસ્પિટલે ખસેડાયો હતો.

આ પછી ભક્તિનગર પોલીસે રાજ ઉર્ફે રાજેશને સકંજામાં લઈ પૂછપરછ કરતાં તેણે કહ્યું હતું કે તે અને ફરિયાદી અજય બન્ને આજુબાજુમાં જ રહે છે. બનાવ સમયે અજય કારમાં જઈ રહ્યો હતો ત્યારે હું તેની પાછળ એ જોવા ગયો હતો કે કારમાં કોઈ છે કે નહીં ? જો કે અજય તેને જોઈ જતા બન્ને વચ્ચે માથાકૂટ થઈ હતી.

# વડોદરા માં યુવકને ઉંદર કરડી ગયો, સારવાર દરમિયાન મોત

**મુખ્ય સમાચાર, વડોદરા**

વડોદરા શહેરના સલાટવાડામાં રહેતા ૪૦ વર્ષીય સંદીપભાઈ સકારામ મોરેને એક મહિના અગાઉ પેરાલિસીસનો હુમલો આવતા તેઓ પથારીવશ થઈ ગયા હતા. જેને પગલે તેમનું એક પણ અંગ કામ કરતું ન હતું. આ સમય દરમિયાન છેલ્લા ઘણા દિવસથી તેમને ઉંદર આવીને કરડી જતાં હતો. જમણા પગની આંગળીઓ પર અને માથાના ભાગે કરડી જતો હતો. યુવકનું કોઈ અંગ કામ ન કરતું હોવાથી તેને કશી ખબર પડતી ન હતી. તેવામાં ગત તા.૨૪મીએ ફરીથી ઉંદર કરડી જતા સંદીપભાઈને સારવાર માટે સયાજી હોસ્પિટલમા ખસેડાયા હતાં. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ કારેલીબાગ પોલીસ મથકે કરતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# નિવૃત DySp સુખદેવસિંહ ઝાલાની ચીર વિદાય

### ગુજરાત પોલીસના એક એવા અધિકારી જેના નામ માત્રથી ગુનેગારો થરથર કાંપતા સુખદેવ સિંહ ઝાલા પહેલાથી જ ગાયત્રી ઉપાસક હતા : જેથી નિવૃત્તિ બાદ તેમણે ભગવા વસ્ત્રો ધારણ કર્યા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત પોલીસમાં એક નહીં અનેક એવા કર્મનિષ્ઠ પોલીસ કર્મચારીઓ તથા અધિકારીઓ છે કે જેઓએ તેમના ફરજ સમયે દેશહિત માટે કાર્ય કર્યા હોય અને કોઈપણ પ્રકારની લોભ લાલચમાં આવ્યા ન હોય એટલું જ નહીં તેમના નામ માત્ર થી જ ગુનેગારો પણ ધ્રુજતા હોય તેવા અધિકારીઓની ગુજરાત પોલીસને ખાસ જરૂરિયાત છે ત્યારે નિવૃત્ત ડીવાયએસપી અને કહી શકાય કે જાબાજ પોલીસ અધિકારી



સુખદેવસિંહ ઝાલાએ ગઈકાલે અંતિમ શ્વાસ લીધા જેની ખોટ ગુજરાત પોલીસને વર્તાઈ રહી છે.

ગુજરાત પોલીસના એક જાંબાઝ નિવૃત DySp સુખદેવસિંહ ઝાલાએ આજે અંતિમ શ્વાસ લીધા હતા. ગુજરાત પોલીસના એક એવા અધિકારી જેના નામ માત્રથી ગુનેગારો થરથર કાંપતા હતા. આ અધિકારી પોતાની ફરજ વખતે ગેરકાનૂની ધંધા રોકવા માટે સખત પ્રયત્ન કર્યા હતા તેમજ ગુનેગારને ખુબ જ કડક સજા આપતા હતા. પોલીસ વિભાગમાં એક સમય એવો હતો કે, જ્યારે સુખદેવ સિંહ ઝાલાનું ફક્ત નામ સાંભળતાની સાથે જ ગુનેગારોના પગ ધ્રુજવા લાગતાં હતાં. સુખદેવ સિંહ ઝાલાએ જ્યાં સુધી પોલીસમાં વિભાગમાં રહ્યા ત્યાં સુધી ખૂબ જ ઈમાનદારીથી પોતાની ફરજ બજાવી હતી. એક ઈમાનદાર અને જાંબાઝ અધિકારીઓમાં તેમનું નામ આવતું હતું.

સુખદેવ સિંહ ઝાલા લખતર તાલુકામાં આવેલ ઝંમર ગામના વતની છે. પરંતુ તેઓ પોતાના કાર્યકાળ વખતે સૌરાષ્ટ્રમાં આવેલ જામનગરમાં પોતાની ફરજ બજાવી રહ્યા હતા. જે બાદ તેઓ સુરેન્દ્રનગરમાં સ્થાયી થયા હતા. દેશ માટે ફરજ બજાવ્યા બાદ નિવૃત્ત થઈને ગામ લોકો માટે સેવા કરી હતી. જયારે તેઓ સુરેન્દ્રનગરથી પોતાના ગામમાં જતા ત્યારે ગામની તળાવની પાળે વૃક્ષો વાવતા હતા. ફક્ત આટલું જ નહી પણ વૃક્ષને પાણી તેમજ ખાતર પણ આપતા

અને તેનું જતન પણ કરતા હતા.

અત્યાર સુધીમાં સુખદેવ સિંહ ઝાલાએ પોતાના વતનમાં ૧૦,૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કર્યું છે. તેઓએ નિવૃત્તિ લીધા પછી પણ કાર્ય કરીને લોકો માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે. પોલીસ વિભાગમાં થી લઈને મુતા સુધીની ફરજ બજાવેલ સુખદેવ સિંહ ઝાલા પહેલાથી જ ગાયત્રી ઉપાસક હતા. જેથી નિવૃત્તિ બાદ તેમણે ભગવા વસ્ત્રો ધારણ કર્યા હતા. અને હવે આ સાથે જ તેમણે આપણી વચ્ચેથી આજે ચીરવિદાય લીધી છે.

# 'સૈયારા' ફિલ્મ જોતા બે યુવાને થીયેટરમાં બિયર ગટગટાવ્યું

### ટોકિઝમાંથી બિયરના ટીન સાથે ઝડપાયેલા બન્ને શખ્સ વિરૂદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની રાજેશ્રી ટોકીઝમાં સૈયારા મુવી જોવા ગયેલા બે યુવાનો બિયરના ટીન સાથે ઝડપાયા હોવાનો વીડિયો વાઈરલ થયો છે. આ ઘટનાએ શું અહીં મૂવી જોતાં જોતાં બિયર પીવાની છૂટ આપવામાં આવતી હશે?' જેવા ગંભીર સવાલો ઉભા કર્યા છે. જો કે, આ મામલામાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે, પરંતુ એ-ડિવિઝન પોલીસે એક જ આરોપીનું બતાવ્યું અને ઝડપેલા યુવાનનું લોકેશન પણ રાજેશ્રી ટોકીઝની અંદરને બદલે બહાર બતાવતા અનેક શંકાઓ ઉભી થઈ છે.





રાજકોટ શહેરના એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, લોધિકાના ખીરસરા ગામના ધવલ ખીમજી સાગઠીયાને ભુપેન્દ્ર રોડ પર રાજેશ્રી ટોકીઝની પાસે રોડ ઉપરથી રૂ ૨૦૦ની કિંમતના ઇંગ્લિશ દારૂ બિયર ટીને ૧ સાથે ઝડપી લેવામાં આવ્યો છે. આ યુવાન પાસ-પરમિટ વગર દારૂ સાથે ઝડપાઈ જતા પ્રોહિબિશન કલમ હેઠળ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જોકે જે વીડિયો વાઇરલ થયો છે તેમાં સ્પષ્ટ એવું દેખાઈ રહ્યું છે કે, બે યુવાનો બિયરના ટીન સાથે રાજેશ્રી ટોકીઝમાં બેઠા છે. બંને યુવાનો પોતાના બેગમાંથી બિયરના ટીન કાઢી રહ્યા છે. મુવી જોવા આવેલા કોઇ એક વ્યક્તિના હાથે ઝડપાઈ ગયા બાદ બંને યુવાનોના હોશ ઉડી ગયા હતા.

હાલ તો પોલીસે એક શખ્સ સામે ગુનો નોંધ્યો છે, પરંતુ અહીં સવાલ એ થાય છે કે બંને યુવાનો થિયેટરમાં બિયરના ટીમ સાથે કઈ રીતે ઘૂસ્યા?, શું અહીં થિયેટરમાં દરરોજ પિક્ચર જોવા માટે આવતા લોકોને આ પ્રકારની છૂટછાટ આપવામાં આવે છે ?, જો આવું હોય તો પોલીસે થિયેટરના સંચાલક સામે પણ કાર્યવાહી કરવી જોઈએ.